CMYK CMYK

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૨૮ જાન્યુઆરી ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ વદ તીજ | અંક : ૧૭૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## અયોધ્યામાં રામલલાના દર્શન માટેનું ટાઈમ ટેબલ જાહેર

# રામલલાને એક મહિનામાં મળ્યું આશરે ૩૫૫૦ કરોડનું દાન

### પહેલા રામલલાના દર્શન કરવા માટે ૨૦,૦૦૦ જેટલા ભક્તો અયોધ્યા આવતા હતા, ત્યારબાદ ભક્તોની સંખ્યામાં ૧૦ ગણો વધારો થયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. ભગવાન રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા બાદથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચી રહ્યા છે. મંદિરમાં ભક્તોની લાંબી કતારો જોવા મળે છે. લોકો ખુલ્લેઆમ દાન કરી રહ્યા છે. દેશ-વિદેશના રામભક્તોએ રામ લલ્લા પર ધનની વર્ષા કરી છે. રામલલાને માત્ર એક મહિનામાં ૩૫૫૦ કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પ્રભારી પ્રકાશ ગુપ્તાએ કહ્યું કે રામ મંદિરના ભૂમિપૂજન પછી જે ફંડ સમર્પણ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, તે એક મહિનાના અભિયાનમાં લગભગ ૩૫૫૦ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું. એકંદરે રૂ. ૪૫૦૦ કરોડની રકમ આવી હતી. જેના કારણે મંદિરની મધ્યમાં જ ખર્ચો થઈ રહ્યો હતો અને હવે રામલલા બિરાજમાન થઈ ગયા છે, ત્યારબાદ ભક્તોની સંખ્યામાં ૧૦ ગણો વધારો થયો છે. પ્રકાશ ગુપ્તાના જણાવ્યા અનુસાર, પહેલા રામલલાના દર્શન કરવા માટે ૨૦,૦૦૦ જેટલા



ભક્તો અયોધ્યા આવતા હતા. પરંતુ, હવે મંદિરના ઉદ્‌ઘાટન બાદ અહીં આવતા ભક્તોની સંખ્યામાં દસ ગણો વધારો થયો છે. ભક્તોની સંખ્યામાં વધારો થવાની સાથે રામ મંદિર માટે મળતા દાનની રકમમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. રામલલાના ભક્તોએ હંમેશા ખુલ્લેઆમ દાન આપ્યું છે. રામ મંદિર માટે માત્ર દેશ જ નહીં વિદેશમાંથી પણ દાનની આવક થઈ રહી છે. પ્રકાશ ગુપ્તાએ કહ્યું, અમારી દિલ્હીમાં ઓફિસ છે અને તે એનઆરઆઈ બેંક છે. વિદેશના તમામ પૈસા ત્યાં આવે છે. સ્ટેટમેંટ પણ ત્યાં કરવામાં આવે છે અને કાઉન્ટર પર લેવામાં આવતા દાનની રસીદ ઓનલાઈન આપવામાં આવે છે. શ્રી રામલલા લગભગ ૪૫૦૦ કરોડ રૂપિયાની અપાર સંપત્તિના માલિક બની ગયા છે. બીજી તરફ, રામલલાને પ્રાણ પ્રતિષ્ઠાના પહેલા જ દિવસે ૩ કરોડ ૧૭ લાખ રૂપિયાનું દાન મળ્યું છે અને દરરોજ ૧૦ થી ૧૫ લાખ રૂપિયાનું દાન મળી રહ્યું છે. આપને જણાવી દઈએ કે રામ લલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા બાદ અયોધ્યામાં ભક્તોનું પુર આવ્યું છે. ભગવાન રામના દર્શન માટે દરરોજ મોટી સંખ્યામાં ભક્તો આવી રહ્યા છે. પ્રાણ પ્રતિષ્ઠા બાદ પહેલા જ દિવસે રામ મંદિર ભક્તોથી ભરાઈ ગયું હતું. ભીડ એટલી વધી ગઈ હતી કે મંદિર મેનેજમેન્ટને તેમને સંભાળવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ



### નીતિશને ભાજપમાં શું મળશે, ઈન્ડિયામાં તો વડાપ્રધાનની તક

। (એજન્સી) લખનૌ, તા.૨૭ ।

બિહારમાં રાજકારણ ગરમાયુ છે. લોકસભાની ચૂંટણીમાં હવે વધુ સમય બાકી નથી રહ્યો પરંતુ ભાજપ વિરુદ્ધ રચાયેલા 'ઈન્ડિયા' ગઠબંધન (ઈન્ડિયા એલાયન્સ)માં તિરાડ પડી રહી છે. બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર ફરી એક વખત એનડીએમાં સામેલ થઈ શકે છે તેવી અટકળોએ જોર પકડ્યું છે. ત્યારે આ વચ્ચે યુપીના પૂર્વ મુખ્યમંત્રી અને સપા અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું કે, નીતીશ કુમારે બીજેપીનો સાથ નહોતો પકડવાનો. બીજેપીમાં તેમને શું મળશે?

### આરિફ મોહમ્મદ ખાને રસ્તા પર ખુરશી નાખીને ધરણા કર્યા

। (એજન્સી)

થિરૂવનંતપૂરમ, તા. ૨૭।

કેરળમાં એક કાર્યક્રમમાં જઈ રહેલા રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન વિરુદ્ધ એસએફઆઈના કાર્યકરોએ કાળા ઝંડા બતાવ્યા અને ગો બેકના નારા લગાવ્યા હતાં. આનાથી રોષે ભરાયેલા રાજ્યપાલ રસ્તા પર ખુરશી નાખીને ધરણા પર બેસી ગયા હતાં. આરિફ મોહમ્મદ ખાને ધરણા છોડવાનો ઈનકાર કર્યો હતો અને પોલીસ પર આરોપ લગાવતા કહ્યું કે 'એસએફઆઈના કાર્યકરોને પોલીસ દ્વારા સુરક્ષા આપવામાં આવી રહી છે અને તેની સામે કોઈ કાર્યવાહી કરી રહી નથી.' રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે કોટારાકારા જઈ રહ્યા હતા.

## ફ્રાન્સ સાથેની ભાગીદારી હેઠળ ભારતને લઈને મહત્વનો નિર્ણય

# ભારતમાં ફાઈટર જેટ એન્જિનના ઉત્પાદન માટે ૧૦૦ ટકા ટેક્નોલોજી ટ્રાન્સફર કરવા ફ્રાન્સનો નિર્ણય

। નવી દિલ્હી, તા.૨૭ ।



ફ્રાન્સના રાષ્ટ્રપતિ આ વખતે ગણતંત્ર દિવસ પર મુખ્ય અતિથિ હતા. મુલાકાતે આવેલા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને પીએમ મોદી સાથે ગાઝાના સંઘર્ષ અને તેના આતંકવાદ અને માનવતાવાદી પાસાઓ સહિત વિવિધ પરિમાણો અંગે ચર્ચા કરી હતી. તેમજ આ વખતે ફ્રાન્સના ચાર લોકોને પદ્મ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ ચાર લોકોની પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. આ પરથી કહી શકાય કે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત થયા છે. ફ્રાન્સ સાથેની ભાગીદારી હેઠળ ભારતને લઈને મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દેશમાં જ ફાઈટર એન્જિન બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પ્રગતિ કહી શકાય છે. ફ્રેંચ એન્જિન મેન્યુફેક્ચરિંગ કંપની સફરાનએ ભારતમાં ફાઈટર જેટ એન્જિનના ઉત્પાદન માટે ૧૦૦ ટકા ટેક્નોલોજી ટ્રાન્સફર કરવાનો નિર્ણય લીધો છે. જો કે, ભારત દ્વારા ફ્રાન્સ પાસેથી રાફેલ ફાઈટર જેટના ૨૬ નેવલ વેરિઅન્ટ્સ અને ત્રણ સ્કોર્પિન સબમરીનની પ્રસ્તાવિત ખરીદી અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ જણાવ્યું હતું કે, ટાટા અને એરબસ હેલિકોપ્ટર્સ મહત્ત્વપૂર્ણ સ્વદેશી અને લોકલ કમ્પોનન્ટ સાથે ભારતમાં જ એચ૧૨૫ હેલિકોપ્ટર બનાવવામાં આવશે.

## સેરેમનીનો શુભારંભ ભવ્ય તિરંગાના ફરકાવતા થયો હતો

# અટારી-વાઘા બોર્ડર પર ભારતીય સેનાના જવાનોએ જુસ્સો બતાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

૨૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પંજાબના અમૃતસરમાં આવેલ અટારી-વાઘા બોર્ડર પર આયોજીત થતી બીટિંગ રિટ્રીટ સેરેમનીમાં ફરી એક વાર દેશવાસીઓના હ્દયમાં દેશભક્તિની લહેર જોવા મળી હતી. હાલમાં જ સામે આવેલા વીડિયોમાં ભારતીય અને પાકિસ્તાની સેનાના જવાનોના કદમતાલ કરતા જોવા મળ્યા હતા. સેરેમનીનો શુભારંભ ભવ્ય તિરંગાના ફરકાવતા થયો હતો, જેમાં સરહદ પર હાજર હજારો દર્શકોના દિલને ગર્વથી ભરી દીધું હતું. ભારતીય સેનાના જવાનોની અનુશાસિત કતારબદ્ધ ચાલ, શાનદાર પોશાક અને અતૂટ ઉત્સાહે વાતાવરણને દેશભક્તિના રંગમાં રંગી દીધું હતું. માર્ચ દરમ્યાન તેમને હાવભાવ, તેમની દ્રઢતા અને તેના ચહેરા પર દેશપ્રેમની ચમક તમામને મંત્રમુગ્ધ કરી રહી હતી. તો વળી પાકિસ્તાની સેનાના જવાનોએ પણ પોતાના જુસ્સો બતાવ્યો હતો. બંને સેનાના જવાનોની વચ્ચે અનુશાસિત માર્ચ અને ટકરાતા કદમતાલનો અદ્ભૂત નજારો જોવા મળ્યો હતો. જે સૈન્ય શક્તિ અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક હતું. સમારંભનું વિશેષ આકર્ષણ હતું પરેડની સાથે ચાલતા બેન્ડનું સંગીત. વીર રસના દમદાર ગીતોએ હવામાં જોશ ભરી દીધો અને દર્શકોનો ઉત્સાહ ચરમ પર પહોંચી ગયો હતો. સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાન હમારા.

# આંબેડકરની પ્રાર્થનામાં સામેલ ન થનારા છાત્રને નગ્ન પરેડ કરાવાઈ

। (એજન્સી) બેંગલુરૂ, તા.૨૭ ।

કર્ણાટકના કલબુર્ગી જિલ્લામાંથી એક હચમચાવતી ઘટના સામે આવી હતી. અહીં એક સગીર છોકરાને કેટલાક વિદ્યાર્થીઓના એક સમૂહ દ્વારા નગ્ન પરેડ કરાવવામાં આવી હતી. પીડિત સગીરને ડૉ. બી.આર.આંબેડકરના ફોટાની પ્રાર્થનામાં સામેલ ન થવાને કારણે આ સજા આપવામાં આવી હતી. આ ઘટનાનો સોશિયલ મીડિયા પર વીડિયો પણ વાયરલ થયો હતો.


આ ઘટના કર્ણાટકના કલબુર્ગી જિલ્લામાં એક સરકારી હોસ્ટેલમાં બની હતી. આ મામલે અશોક નગર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર પણ દાખલ કરાવાઈ હતી. પીડિત છોકરાના પિતાએ આ ફરિયાદ દાખલ કરાવી હતી. પોલીસના જણાવ્યાનુસાર પીડિત છોકરો સગીર છે અને તે પ્રી યુનિવર્સિટી કોલેજમાં ભણતો હતો અને સરકારી હોસ્ટેલમાં જ રહેતો હતો.

# આરજેડી નીતિશ કુમારને આપેલું સમર્થન પાછું ખેંચી શકે છે

। (એજન્સી) પટના, તા.૨૭ ।

બિહારમાં છેલ્લા કેટલાક દિવસોથી એવી ચર્ચા છે કે જેડીયુ પ્રમુખ અને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર મહાગઠબંધન સાથે છેડો ફાડીને ફરીવાર એનડીએ સાથે જોડાઈ શકે છે. આ સૌની વચ્ચે હવે રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. હવે સૂત્રોનું કહેવું છે કે લાલુ યાદવના નેતૃત્વ હેઠળની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ (રાજદ) પણ જેડીયુને મોટો આંચકો આપવાની તૈયારી કરી રહી છે. સૂત્રોના અહેવાલ અનુસાર આરજેડીએ આગામી અમુક કલાકોમાં નીતીશ સરકારને આપેલું સમર્થન પાછું ખેંચી લેવાની તૈયારી કરી લીધી છે. તેના માટે એક પત્ર પણ તૈયાર કરી લેવામાં આવ્યો છે અને આજે તે પત્ર રાજભવન મોકલી દેવામાં આવશે. તેના પછી આરજેડી વતી જ સરકાર બનાવવાનો દાવો કરવામાં આવશે. હાલમાં આરજેડીના ધારાસભ્યોની સંખ્યા ૭૫ છે. તે હવે તેજસ્વી યાદવને સીએમ બનાવવાનો પ્રયાસ કરશે. તેનાથી નીતીશ કુમારની સરકાર પડી જશે અને તેનાથી એનડીએમાં જોડાવા છતાં તેમને કોઈ ફાયદો નહીં થાય તેવા દાવા કરવામાં આવી રહ્યા છે.



# પ્રજ્ઞેશ પટેલને ગુજરાત હાઈકોર્ટમાંથી રાહત, પ્રજ્ઞેશ પટેલની અમદાવાદમાં પ્રવેશવાની અરજી ગુજરાત હાઈકોર્ટે મંજૂર કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર જેગુઆર કારથી ૯ જેટલાં લોકોને મોતને ઘાટ ઉતારનારા તથ્ય પટેલનાં પિતા પ્રજ્ઞેશ પટેલની અમદાવાદમાં પ્રવેશવાની અરજી ગુજરાત હાઈકોર્ટે મંજૂર કરી છે. અમદાવાદ શહેરમાં પ્રવેશવા દેવાની માંગ સાથે અરજી કરાઈ હતી. જે અરજી જસ્ટીસ એમ આર મેંગડે ગ્રાહ્ય રાખી છે.

પ્રજ્ઞેશ પટેલએ અરજીમાં પોતાની પત્ની બીમાર હોવાનો ઉલ્લેખ કર્યો હતો. સાથો સાથ પોતાના વ્યવસાય અમદાવાદ શહેર સાથે સંકળાયેલો હોવાથી અનેક અગવડતાઓ પડતી હોવાનો પણ અરજીમાં ઉલ્લેખ કર્યો હતો. આ તમામ બાબતોને ગ્રાહ્ય રાખી કોર્ટે અમદાવાદ શહેરમાં પ્રવેશવાની મંજૂરી પણ આપી છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા અગાઉ પ્રજ્ઞેશ પ ટેલને શરતી જામીન આપવામાં આવ્યાં હતા. તપાસ પૂરી થઈ ગઈ હોવાથી અને કેન્સરની સારવાર ચાલી રહી હોવાની કોર્ટમાં દલીલ કરવામાં આવી હતી. જેને લઈ ૩ મહિના ૧૧ દિવસ બાદ આરોપી તથ્યના પિ તા પ્રજ્ઞેશ પટેલને શરતી જામીન મળ્યા હતા. આ



તમામ બાબતોને ગ્રાહ્ય રાખી કોર્ટે અમદાવાદ શહેરમાં પ્રવેશવાની મંજૂરી પણ આપી છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા અગાઉ પ્રજ્ઞેશ પટેલને શરતી જામીન આપવામાં આવ્યાં હતા. તપાસ પૂરી થઈ ગઈ હોવાથી અને કેન્સરની સારવાર ચાલી રહી હોવાની કોર્ટમાં દલીલ કરવામાં આવી હતી. જેને લઈ ૩ મહિના ૧૧ દિવસ બાદ આરોપી તથ્યના પિતા પ્રજ્ઞેશ પટેલને શરતી જામીન મળ્યા હતા.

## મહિલાનો અંગત પળોનો વિડિયો વાયરલ કરી હેરાન કરનાર બે મિત્રો ઝડપાયા

। (એજન્સી) વડોદરા, તા.૨૭ ।

વડોદરાની એક મહિલાને છેલ્લા કેટલાક સમયથી એક યુવક અંગત પળોના ફોટા અને વિડિયો મોકલી હેરાન કરતો હતો. આ યુવક દ્વારા તેના મિત્રને પણ વિડિયો મોકલી આપ વામાં આવ્યો હતો. અને મહિલાને પ જવણી કરતા હતા. મહિલાને વિડીયો મોકલનાર યુવક તેના પતિ તેમજ અન્ય પરિવારજનોને પણ વિડીયો મોકલી આપવાની ધમકી આપતો હતો. મહિલા શરૂઆતમાં તેને કરગરી હતી પરંતુ ત્યારબાદ તેણે ધાબે નહીં થવાનો નિર્ણય લઈ પરિવારજનો મારફતે સાયબર સેલની મદદ લેતા પોલીસે ટેકનીકલ સોર્સીસના આધારે તપાસ કરી હતી. મહિલાને બ્લેકમેલ કરતા યુવકે તેના વોટ્સએપનું લઈ તેમાંથી વીડિયો અને ફોટા ડાઉનલોડ કરી લીધા હોવાની માહિતી બહાર આવી હતી.


# સિંચાઈનું પાણી ન મળતા ખેડૂતો પાણીની ચોરી કરવા મજબૂર

### સરકાર લાચાર બનેલા જગતના તાતનો અવાજ સાંભળે છે કે નહીં તે જોવું રહ્યું

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૭ ।

સુરેન્દ્રનગરના મુળી અને થાનગઢ પંથકમાં સિંચાઈનું પાણી ન મળતા ખેડૂતો પાણીની ચોરી કરવા મજબૂર બન્યા છે. તેમજ ખેડૂતો પાણીની પાઈપલાઈનો અને અન્ય સ્ત્રોતમાંથી પાણીની ચોરી કરવા મજબૂર બન્યા છે. સુરેન્દ્રનગરના મુળી અને થાનગઢ પંથકમાં સિંચાઈનું પાણી ન મળતા ખેડૂતો પાણીની ચોરી કરવા મજબૂર બન્યા છે. તેમજ ખેડૂતો પાણીની પાઈપલાઈનો અને અન્ય સ્ત્રોતમાંથી પાણીની ચોરી કરવા મજબૂર બન્યા છે. મહત્વનું છે કે ગૃહવિભાગે પાણી ચોરી કરનારા સામે પાસા હેઠળ કાર્યવાહી કરવા જિલ્લા કલેકટરને આદેશ આપ્યા છે. ત્યારે બીજી તરફ ખેડૂતોને સિંચાઈનું પાણી ન મળતા લાચાર છે.

તો બીજી તરફ ખેડૂતોનું કહેવું છે કે સિંચાઈના પ ાણીની ભારે સમસ્યા છે. જો સિંચાઈનું પાણી મળે તો તેમને પાણીની આ રીતે ચોરી કરવાની કોઈ જરૂર જ નથી. ત્યારે સિંચાઈનું પાણી પૂરુ પાડવામાં આવે તેવી ખેડૂતો માગ કરી રહ્યા છે. ત્યારે હવે સરકાર લાચાર



બનેલા જગતના તાતનો અવાજ સાંભળે છે કે નહીં તે જોવું રહ્યુ. તો બીજી તરફ ખેડૂતોનું કહેવું છે કે સિંચાઈના પાણીની ભારે સમસ્યા છે. જો સિંચાઈનું પાણી મળે તો તેમને પાણીની આ રીતે ચોરી કરવાની કોઈ જરૂર જ નથી. ત્યારે સિંચાઈનું પાણી પૂરુ પાડવામાં આવે તેવી ખેડૂતો માગ કરી રહ્યા છે. ત્યારે હવે સરકાર લાચાર બનેલા જગતના તાતનો અવાજ સાંભળે છે કે નહીં તે જોવું રહ્યુ.

## અંકલેશ્વરના જૂના દીવા રોડ પર આવેલ સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

### શિયાળાની જમાવટ સાથે તસ્કરોનો તરખાટ વધ્યો, રહીશો જાગી જતા બુમાબુમ કરવાના કારણે તસ્કર નાસી છૂટ્યા હતા

। (એજન્સી) ભરૂચ, તા.૨૭ ।

ભરૂચ જિલ્લામાં વાતાવરણમાં ઠંડકમાં વધારા સાથે તસ્કર ટોળકીઓની ગતિવિધિઓ પણ વધી છે. અંકલેશ્વરના જૂના દીવા રોડ પર આવેલ નીલકંઠ વિલા સોસાયટીમાં ત્રાટકેલી તસ્કર ટોળકી સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી તો સુરતી ભાગોળ વિસ્તારમાં મકાનને તસ્કરોએ નિશાન બનાવી હાથફેરો કર્યો હતો.

અંકલેશ્વરના જૂના દીવા રોડ પર આવેલ નીલકંઠ વિલા સોસાયટીમાં રાતના સુમારે તસ્કર હાથમાં ડાંગ અને સળિયા સાથે ઘુસ્યા હતા. સોસાયટીમાં આંટાફેરા મારી તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો હતો. રહીશો જાગી જતા બુમાબુમ કરવાના કારણે તસ્કર નાસી છૂટ્યા હતા. અંકલેશ્વરના સુરતી ભાગોળ વિસ્તારમાં મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી તસ્કર સોના ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા લઈને ફરાર થઈ ગયા હતા. અંકલેશ્વરના સુરતી ભાગોળ વિસ્તારમાં મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી તસ્કર સોના ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા લઈને ફરાર થઈ ગયા હતા.

### અસામાજિક તત્વોએ માહોલ બગાડવાનો પ્રયાસ કર્યો હતો

## સાધલી ગામે રામ મંદિરને લઈને વિવાદિત પોસ્ટ મુકવા બાબતે ૬ લોકોની ધરપકડ

। (એજન્સી) વડોદરા, તા.૨૭ ।

વડોદરામાં સાધલી ગામના કેટલાક લોકોએ રામ મંદિર અંગે વિવાદિત પોસ્ટ કરવા મામલે ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. શિનોર પંથકમાં કેટલાક અસામાજિક તત્વોએ માહોલ બગાડવાનો પ્રયાસ કર્યો હતો. જે પછી શિનોર પોલીસે ૬ લોકોને પ કડી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બે-ત્રણ દિવસ પહેલા વડોદરામાં સાધલી ગામના કેટલાક લોકોએ રામ મંદિર અંગે વિવાદિત પોસ્ટ કરી હતી. સામાજિક સદભાવ અને શાંતિ ડોહળાઈ તેવી પોસ્ટ સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ કરતા પોલીસ સતર્ક બની હતી. બાદમાં પોલીસે સમગ્ર મામલે તપાસ શરુ કરી હતી. જે પછી હવે ૭ લોકોની ધરપકડ કરીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સિવાય માસર ગામમાંથી પણ અમુક શખ્સોએ શાંતિ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. માસર ગામના લઘુમતિ કોમના શખ્સોએ સોશિયલ મીડિયા પર વિવાદિત પોસ્ટ મૂકી હતી. જેથી બે કોમ વચ્ચે ઉગ્ર માહોલ ઉભો થાય.જેને લઈ પ ોલીસે પ શખ્સોની અટકાયત કરી હતી. સાથે તેમના મોબાઈલ પણ જપ્ત કરી લીધા હતા. આ સિવાય માસર ગામમાંથી પણ અમુક શખ્સોએ શાંતિ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. માસર ગામના લઘુમતિ કોમના શખ્સોએ સોશિયલ મીડિયા પર વિવાદિત પ ોસ્ટ મૂકી હતી. જેથી બે કોમ વચ્ચે ઉગ્ર માહોલ ઉભો થાય.જેને લઈ પોલીસે પ શખ્સોની અટકાયત કરી હતી. સાથે તેમના મોબાઈલ પણ જપ્ત કરી લીધા હતા.

### હાર્ટ એટેકનો હાહાકાર

# રાજકોટમાં ૨૪ કલાકમાં કુલ ૫ વ્યક્તિઓના હાર્ટ એટેકથી મોત

### રાજ્યમાં છેલ્લા કેટલા સમયથી નાની વયનો લોકોના પણ હાર્ટ એટેકથી મોત થઈ રહ્યાં છે

### રાજકોટ જેલમાં બંધ અંજારના કેદી ૫૫ વર્ષીય હરી લોચાણીનું પણ હાર્ટ એટેકથી મોત

। (એજન્સી) રાજકોટ, તા.૨૭ ।

રાજ્યમાં છેલ્લા કેટલા સમયથી નાની વયનો લોકોના પણ હાર્ટ એટેકથી મોત થઈ રહ્યાં છે. ત્યારે હાર્ટ એટેકનો હાહાકાર ફરી એક વાર રાજકોટમાં જોવા મળ્યો છે. રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫ લોકોના મોત નિપજ્યાં છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી હાર્ટ એટેકથી મોત થવાની ઘટના સામે આવી છે. રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫ વ્યક્તિઓના મોત થયાની ઘટના બની છે. જેમાં ૨૨ વર્ષથી લઈને ૫૧ વર્ષ સુધીની વયના લોકોના મોત થયા છે. રાજકોટમાં ૨૨ વર્ષીય અજય સોલંકી નામના યુવકનું મોત થયુ છે.તેમજ આસ્થા સોસાયટીમાં રહેતા ૩૫વર્ષીય સુર્યદીપસિંહ જાડેજાનું હાર્ટએટેકથી મોત થયુ છે. બીજી તરફ માયાણી નગરમાં રહેતા ૪૬ વર્ષીય મહેન્દ્ર ચૌહાણનું મોત થયુ છે. આ તરફ બાબરીયા કોલોનીમાં રહેતા ૫૧ વર્ષીય હંસા જાડેજાનું પણ મોત હાર્ટ એટેકથી મોત થયુ છે. આ ઉપ રાંત રાજકોટ જેલમાં બંધ અંજારના કેદી ૫૫ વર્ષીય હરી લોચાણીનું પણ હાર્ટ એટેકથી મોત નિપજ્યુ છે. રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી હાર્ટ એટેકથી મોત થવાની ઘટના સામે આવી છે. રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫ વ્યક્તિઓના મોત થયાની ઘટના બની છે. જેમાં ૨૨ વર્ષથી લઈને ૫૧ વર્ષ સુધીની વયના લોકોના મોત થયા છે. રાજકોટમાં ૨૨ વર્ષીય અજય સોલંકી નામના યુવકનું મોત થયુ છે.તેમજ આસ્થા સોસાયટીમાં રહેતા ૩૫વર્ષીય સુર્યદીપસિંહ જાડેજાનું હાર્ટએટેકથી મોત થયુ છે. બીજી તરફ માયાણી નગરમાં રહેતા ૪૬ વર્ષીય મહેન્દ્ર ચૌહાણનું મોત થયુ છે. આ તરફ બાબરીયા કોલોનીમાં રહેતા ૫૧ વર્ષીય હંસા જાડેજાનું પણ મોત હાર્ટ એટેકથી મોત થયુ છે. આ ઉપરાંત રાજકોટ જેલમાં બંધ અંજારના કેદી ૫૫ વર્ષીય હરી લોચાણીનું પણ હાર્ટ એટેકથી મોત નિપજ્યુ છે.

## સફાઈ કામદારોને છૂટા કરવાના વિરોધને લઈને કામદારો ૪ દિવસથી પાલિકા બહાર ઉપવાસ પર બેઠા

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૭।

સફાઈ કામદારોને છૂટા કરવાના વિરોધને લઈને કામદારો ૪ દિવસથી પાલિકા બહાર ઉપવાસ પર બેઠા છે. ત્યારે કોઈ અધિકારીઓ કે પદાધિકારીઓએ વાત ન સાંભળતા કામદારોએ હવે ઈચ્છા મૃત્યુની માગ કરી છે. આ માટે સફાઈ કામદારોએ રાજ્યપાલ અને ઝસ્ને પત્ર લખ્યો છે.

સુરેન્દ્રનગર, વઢવાણ અને દુધરેજ સંયુક્ત પાલિકાના ૬૦ જેટલા સફાઈ કામદારોને છૂટા કરી દેવામાં આવતા સફાઈ કામદોરોમાં રોષ વ્યાપ્યો છે. પાલિકાના સફાઈ કામદારોએ ઈચ્છા મૃત્યુની માગ કરી છે. સફાઈ કામદારોએ પત્ર લખી રાજ્યપાલ અને મુખ્યપ્રધાન પાસે ઈચ્છા મૃત્યુની માગ કરી છે. ઉલ્લેખનીય છે કે, સફાઈ કામદારોને છૂટા કરવાના વિરોધને લઈને કામદારો ૪ દિવસથી પાલિકા બહાર ઉપવાસ પર બેઠા છે. ત્યારે કોઈ અધિકારીઓ કે પદાધિકારીઓએ વાત ન સાંભળતા કામદારોએ હવે ઈચ્છા મૃ ત્યુની માગ કરી છે. આ માટે સફાઈ કામદારોએ રાજ્યપાલ અને CMને પત્ર લખ્યો છે. ઉલ્લેખનીય છે કે, સફાઈ કામદારોને છૂટા કરવાના વિરોધને લઈને કામદારો ૪ દિવસથી પાલિકા બહાર ઉપવાસ પર બેઠા છે. ત્યારે કોઈ અધિકારીઓ કે પદાધિકારીઓએ વાત ન સાંભળતા કામદારોએ હવે ઈચ્છા મૃત્યુની માગ કરી છે. આ માટે સફાઈ કામદારોએ રાજ્યપાલ અને CMને પ ત્ર લખ્યો છે.

# ઇલેક્ટ્રીકલ સુપરવાઇઝર અને વાયરમેનની પરીક્ષાનું પરિણામ જાહેર

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ ।

ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષાનું પરિણામ https://ceiced.gujarat.gov.in વેબસાઈટ પ રથી ૧ લી ફેબ્રુઆરીથી ડાઉનલોડ કરી શકાશે. નોકરીની તૈયારી કરનારાઓ માટે એક સારા સમાચાર મળી રહ્યા છે. ઈલેક્ટ્રીકલ સુપ રવાઈઝર અને વાયરમેનની પરીક્ષા આપનાર ઉમેદવારો માટે એક મોટા સમાચાર મળી રહ્યા છે. ઈલેક્ટ્રીકલ સુપ રવાઈઝર અને વાયરમેનની પરીક્ષાનું પ રિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. જી હા...ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષાનું પરિણામ https://ceiced.gujarat.gov.in વેબસાઈટ પરથી ૧ લી ફેબ્રુઆરીથી ડાઉનલોડ કરી શકાશે. રાજયના જુદા જુદા કેંદ્રો પર તા. ૨૦ નવેમ્બર ૨૦૨૩ થી ૨૩ નવેમ્બર ૨૦૨૩ દરમિયાન ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર અને વાયરમેનની પ રીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાનું પરિણામલાયસન્સીંગબોર્ડનીવેબસાઈટ https://ceiced.gujarat.gov.in ઉપર મુકવામાં આવ્યું છે. પરીક્ષા આપનાર તમામ ઉમેદવારો પોતાનું પરિણામ CEICEDના પોર્ટલ પર લોગ ઈન કરીને એપ્લિકેશન સ્ટેટ્સમાં જઈને ૧ લી ફેબ્રુઆરી ૨૦૨૪ થી ડાઉનલોડ કરી શકાશે, તેમ લાયસન્સીંગ બોર્ડની યાદીમાં જણાવાયું છે. પરીક્ષા આપનાર તમામ ઉમેદવારો પોતાનું પરિણામ CEICED ના પોર્ટલ પર લોગ ઈન કરીને એપ્લિકેશન સ્ટેટ્સમાં જઈને ૧ લી ફેબ્રુઆરી ૨૦૨૪ થી ડાઉનલોડ કરી શકાશે, તેમ લાયસન્સીંગ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

**વિશેષ** લોકોના બેંક અકાઉન્ટ્સ ફ્રીઝ કરીને પોલીસ દ્વારા કથિત તોડબાજી કરાતી હોવાની એક ફરિયાદ જુનાગઢના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે

# ત્રણ પોલીસકર્મી સામે FIR, ૩૩૫ બેંક અકાઉન્ટ્સ ફ્રીઝ કરીને લાખો-કરોડોની તોડબાજી કરાઈ?

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

લોકોના બેંક અકાઉન્ટ્સ ફ્રીઝ કરીને પોલીસ દ્વારા કથિત તોડબાજી કરાતી હોવાની એક ફરિયાદ જુનાગઢના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ કથિત કાંડમાં જે ત્રણ પોલીસવાળાને આરોપી બનાવવામાં આવ્યા છે તેમાં જુનાગઢ સાયબર ક્રાઈમ સેલના ઈન્સ્પેક્ટર એ.એમ. ગોહિલ, માણાવદરના CPI તરલ ભટ્ટ અને સાયબર ક્રાઈમ સેલના ASI દીપક જાનીનો સમાવેશ થાય છે. આ ત્રણેય આરોપી વિરૂદ્ધ નોધાયેલી ફરિયાદમાં તેમની સામે IPCની અલગ-અલગ આઠ કલમો ઉપરાંત ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૯૮ એક્ટની પણ બે કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, અને ફરિયાદી બન્યા છે જુનાગઢ રેન્જના આઈજીના રીડર પીઆઈ એસ.એન. ગોહિલ. આ કેસમાં જુનાગઢ પોલીસ દ્વારા કેરળમાં રહેતા એક યુવકનું HDFCનું બેંક અકાઉન્ટ ફ્રીઝ કરાવી દેવાયું હતું. પોતાનું અકાઉન્ટ ફ્રીઝ થઈ ગયું છે તેની ખબર આ યુવકને ૧૭ નવેમ્બર ૨૦૨૩ના દિવસે થઈ હતી. કેરળના આ યુવકે બેંકમાં તપાસ કરી ત્યારે તેને કહેવામાં આવ્યું હતું કે જુનાગઢ જિલ્લાના સાયબર ક્રાઈમ સેલના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. ગોહિલ દ્વારા મળેલી સૂચનાને આધારે તેનું અકાઉન્ટ ફ્રીઝ કરાવાયું છે. HDFCની સેન્ટ્રલ ટીમે આ યુવકને પોલીસના લેટરની નકલ પણ મોકલી આપી હતી, જેમાં તેના HDFC સહિતના ત્રીસ બેંક અકાઉન્ટનો પણ ઉલ્લેખ હતો. પોતાના અકાઉન્ટને અનફ્રીઝ કરાવવા માટે કેરળના આ યુવકે



જુનાગઢ જિલ્લા સાયબર સેલના પીઆઈને ઈમેલ કર્યો હતો, આ ઈમેલના જવાબમાં તેમને સાયબર સેલના વોટ્સએપ નંબર ૭૫૭૫૦૬૧૧૦૧ પર બેંક અકાઉન્ટના KYC ડોક્યુમેન્ટ્સ તેમજ બેંક સ્ટેટમેન્ટ મોકલી આપવા જણાવાયું હતું, અને સાથે એવું પણ કહેવાયું હતું કે આ ડોક્યુમેન્ટ્સ મોકલ્યાના એકાદ-બે દિવસમાં પોલીસ તમને ફોન કરશે. જોકે, ડોક્યુમેન્ટ્સ મોકલ્યા બાદ આ યુવકને પોલીસ તરફથી કોઈ જવાબ જ નહોતો મળ્યો, અને તેના કારણે તેણે સાયબર ક્રાઈમની ઓફિસના નંબર પર ફોન કરી પોતાનું બેંક અકાઉન્ટ ક્યારે અનફ્રીઝ થશે તેની ઈક્કરવાયરી કરી હતી, પરંતુ ત્યારે આ યુવકને પોલીસે એવું કહીને ધમકાવ્યો હતો કે હવે જો વારંવાર ફોન કરશો તો તમારું અકાઉન્ટ અનફ્રીઝ કરવામાં નહીં આવે. નવેમ્બર મહિનામાં પોલીસના કહેવાથી ફ્રીઝ થઈ ગયેલું અકાઉન્ટ દિવસો બાદ પણ અનફ્રીઝ ના થતાં કંટાળેલા આ યુવકે આખરે જાન્યુઆરી મહિનાના પહેલા અઠવાડિયામાં ફરી સાયબર ક્રાઈમ સેલમાં ફોન કર્યો હતો અને ત્યારે તેને એવું કહેવાયું હતું કે જો તમારે ખાતું અનફ્રીઝ કરાવવું હોય તો જુનાગઢ આવવું પડશે, મતલબ કે પોલીસે છેક કેરળ રહેતા આ યુવકને તેનું બેંક અકાઉન્ટ અનફ્રીઝ કરાવવા બે હજાર કિલોમીટર દૂર ધક્કો ખવડાવવા બોલાવ્યો હતો. પોલીસનું તેડું આવતા આખરે કેરળનો આ યુવક ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ના દિવસે સાંજે તેના એક સંબંધી સાથે જુનાગઢ પહોંચ્યો હતો, અને ૧૬ જાન્યુઆરીએ તે સાયબર ક્રાઈમ સેલની ઓફિસે ગયો હતો જ્યાં તે દીપક જાની નામના સાયબર ક્રાઈમના ASIને મળ્યો હતો અને પોતાનું અકાઉન્ટ અનફ્રીઝ કરાવવા માટે શું કરવું પડશે તે જાણવા પ્રયાસ કર્યો હતો. તે વખતે દીપક જાનીએ કેરળના આ યુવકની કુંડળી જાણવા તેની પૂછપરછ શરૂ કરી હતી, અને કેટલાય સવાલો પૂછ્યા બાદ તેને એવું કહ્યું હતું કે તમારા અકાઉન્ટમાં કરોડો રૂપિયાના વ્યવહાર થયા છે, જેથી અમારે EDને પણ જાણ કરવી પડશે. પોલીસ ફરિયાદમાં કરાયેલા ઉલ્લેખ પ્રમાણે દીપક જાનીએ કેરળના યુવકને એમ પણ પૂછ્યું હતું કે તમે કોઈ ઓનલાઈન ગેમ રમો છો કે કેમ? જોકે, ગોળ-ગોળ વાતો કરી રહેલા દીપક જાનીને અરજદારે જ્યારે પોતાનું બેંક અકાઉન્ટ ફ્રીઝ કરવાનું કારણ પૂછ્યું ત્યારે ASI દીપક જાનીએ તેને ઉંઠો ભણાવતા એવું કહ્યું હતું કે ED રિલેટેડ કોન્ફિડેન્શિયલ ઈનપુટ્સ મળ્યા બાદ તમારૂં અકાઉન્ટ ફ્રીઝ કરાયું છે અને તેના કારણો હાલ તમને નહીં જણાવી શકાય. કેરળના આ યુવકને જુનાગઢની પોલીસ આમેય બે મહિનાથી ફેરવી રહી હતી, પરંતુ જુનાગઢનો ધક્કો ખાધા બાદ પણ તેને કોઈ સ્પષ્ટ જવાબ ના મળતાં ASI દીપક જાનીને તેણે સીધું જ પૂછી લીધું હતું કે અકાઉન્ટ અનફ્રીઝ કરાવવા માટે શું કરવું પડશે? ગોળ-ગોળ વાતો કરી રહેલો દીપક જાની કદાચ આ જ ક્ષણની રાહ જોઈ રહ્યો હતો અને જેવો તેને ખાતું અનફ્રીઝ કરાવવા શું કરવું પડશે તેવો સવાલ પૂછવામાં આવ્યો ત્યારે તે કેરળના યુવકને એક બીજા રૂમમાં લઈ ગયો હતો, અને ત્યાં તેણે કોઈ શરમ કે સંકોચ રાખ્યા વિના તેને કહી દીધું હતું કે ગાંધીનગર-અમદાવાદ સાયબર ક્રાઈમની હેડ ઓફિસમાં ફ્રીઝ કરાયેલા બેંક અકાઉન્ટને અનફ્રીઝ કરવા માટે ખાતામાં જેટલું બેલેન્સ પડ્યું હોય તેની ૮૦ ટકા રકમ લેવામાં આવે છે. દીપકે કહેલી આ વાતનો મતલબ કંઈક એવો કાઢી શકાય કે જો તમારા અકાઉન્ટમાં દસ લાખ રૂપિ યા પડ્યા હોય અને પોલીસ તેને ફ્રીઝ કરી નાખે તો તેને અનફ્રીઝ કરાવવા માટે તમારે આઠ લાખ રૂપિયાનો ચાંલ્લો કરવો પડશે.

આ કેસમાં અરજદારના અકાઉન્ટમાં કેટલી રકમ જમા હતી તેનો FIRમાં કોઈ ઉલ્લેખ નથી કરાયો, પરંતુ એવું ચોક્કસ જણાવાયું છે કે અરજદારે ત્યારે ASI દીપકને પોતે વધુમાં વધુ ત્રણથી ચાર લાખ રૂપિયા આપી શકશે તેવી વાત કરી હતી. જોકે, આ રકમ પોતાના ધાર્યા કરતા કદાચ ઘણી ઓછી હોવાથી ASI દીપક જાનીએ અરજદારને એવું કહી દીધું હતું કે આટલી રકમમાં તો અમારા પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. ગોહિલ સાહેબ તારી સાથે વાત પણ નહીં કરે.. આટલેથી ના અટકતા દીપક જાનીએ કેરળના આ અરજદારને એવું પણ કહ્યું હતું કે ત્રણ-ચાર લાખમાં તો શું થાય? અમારે દરેક અધિકારીને ૫૦-૫૦ હજાર આપવાના હોય છે.. જોકે, આટલું કહ્યા બાદ પણ અરજદારે મચક ના આપતા દીપકે તેને એવું કહ્યું હતું કે ગોહિલ સાહેબ સાંજે આવશે અને તમે ત્યારે જ તેમને મળી લેજો.



કતારના અલ વકરાહમાં મેસાઇદ નજીક સત્તાવાળાઓ દ્વારા આયોજિત સાંસ્કૃતિક પ્રવાસ દરમિયાન એક પત્રકાર તેના પગના નિશાન છોડીને રેતીના ટેકરાઓ પર ચાલે છે.

### ધુમ્મસની સ્થિતિ હવે જીવલેણ બની રહી છે

# યુપીમાં ડમ્પર ચાલકે રીક્ષાને ટક્કર મારતાં ૧૨ શ્રદ્ધાળુનાં મોત નીપજ્યા

## અકસ્માત સર્જાયા બાદ ડમ્પર ચાલક સ્થળેથી નાસી ગયો હતો, બંને વાહન કેમ અથડાયા તેનું સ્પષ્ટ કારણ હજુ સામે આવ્યું નથી

। (એજન્સી) શાહજહાંપુર, તા.૨૭ ।

ઉત્તરપ્રદેશમાં ભારે ઠંડી વચ્ચે ધુમ્મસની સ્થિતિ હવે જીવલેણ બની રહી છે. શાહજહાંપુરમાં બેફામ ડમ્પર ચાલકે એક રીક્ષાને ટક્કર મારતા ૧૨ શ્રદ્ધાળુઓનાં કમકમાટીભર્યા મૃત્યુ થયા હતા.

આ લોકો મદનાપુરના દમગઢા ગામથી ગંગા સ્નાન કરવા માટે ઢાઈ ઘાટ જઈ રહ્યા હતા.



તે સમયે જ આ અકસ્માત સર્જાયો હતો. આ મામલે શાહજહાંપુરના એસ.પી. અશોક કુમાર મીણાએ કહ્યું કે રીક્ષાચાલક સુરેશ ગામના શ્રદ્ધાળુઓને લઈ જઈ રહ્યો હતો. જેમાં ૩ મહિલાઓ અને એક બાળક પણ સામેલ હતું. અકસ્માત સર્જાયા બાદ ડમ્પર ચાલક સ્થળેથી નાસી ગયો હતો. જોકે બંને વાહન કેમ અથડાયા તેનું સ્પષ્ટ કારણ હજુ સામે આવ્યું નથી. દુર્ઘટનાસ્થળે કોઈ બ્લેકસ્પૉટ કે રોડ પર ખાડા પણ નથી. બની શકે કે બેફામ ગતિએ દોડી રહેલા ડમ્પરને કારણે જ આ અકસ્માત સર્જાયો હોય.

# બિહારમાં સતત બદલાતા રાજકીય સમીકરણોને લઈને ભાજપ સક્રિય

## માનવામાં આવે છે કે નીતિશના NDAમાં સામેલ થવાની સંભાવના પર પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી

। નવી દિલ્હી, તા.૨૭ ।

બિહારમાં સતત બદલાતા રાજકીય સમીકરણોને લઈને ભાજપ સક્રિય થઈ ગઈ છે. બુધવારે સાંજે પીએમ નરેન્દ્ર મોદી સાથે બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા અને અમિત શાહની બેઠકમાં બિહારમાં રાજકીય ઉથલપાથલ પર ચર્ચા કરવામાં આવી હતી. ત્રણેય નેતાઓ વચ્ચેની આ બેઠક લોકસભા ચૂંટણીની તૈયારી માટે બોલાવવામાં આવી હતી. બિહારનું રાજકીય વાતાવરણ છેલ્લા ઘણા દિવસોથી ગરમ છે, મંગળવારે બપોરે તે વેગ પકડ્યો જ્યારે JDU પ્રમુખ નીતિશ કુમાર અચાનક રાજભવન પહોંચ્યા. તેમણે એક સરકારી કાર્યક્રમ પછી તરત જ આ કર્યું, જ્યારે નીતિશની રાજભવનની મુલાકાત પહેલાથી નક્કી નહોતી. આના થોડા સમય પહેલા જ જેડીયુએ કોંગ્રેસના દાવાને ફગાવી દીધો હતો કે નીતિશ કુમાર જ્યારે બિહાર આવશે ત્યારે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં ભાગ લેશે. જેડીયુના નેતા ખાલિદ અનવરે કહ્યું હતું કે કોંગ્રેસ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર આમંત્રણ



મળ્યું નથી. નરેન્દ્ર મોદીએ બુધવારે ૩ કલાક બિહારની રાજકીય સ્થિતિ પર ચર્ચા કરી હતી. પીએમ મોદીએ ગૃહમંત્રી અમિત શાહ અને બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા પાસેથી બિહારની રાજકીય સ્થિતિ વિશે માહિતી લીધી.

આ બેઠક લાંબા સમય સુધી ચાલતી રહી, માનવામાં આવે છે કે નીતિશના NDAમાં સામેલ થવાની સંભાવના પર પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આનો સંકેત અમિત શાહનું એ નિવેદન છે જેમાં જ્યારે નીતિશ કુમાર વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે પ્રસ્તાવ આવવા દો, પછી જોઈશું શું કરવું? નીતિશ કુમાર સતત કંઈક ને કંઈક કરી રહ્યા છે જે તેમના ગઠબંધનથી અલગ થવાના સંકેત આપી રહ્યા છે, સૌથી પહેલા જેડીયુની રાષ્ટ્રીય કાર્યકારિણી બોલાવવી, પછી અચાનક રાજ્યપાલ પાસે જવું, આ પરિવારવાદ પર નિવેદન આપ્યા બાદ માનવામાં આવી રહ્યું છે કે, તેઓ પણ પરિવારવાદ પર નિવેદન, નીતિશે સીધો જ RJD પર નિશાન સાધ્યું. આ પછી નીતિશ કુમારે કોંગ્રેસના દાવાને પણ ફગાવી દીધો છે કે તેઓ રાહુલ ગાંધીની ન્યાય યાત્રામાં ભાગ લેશે.

જેડીયુના પ્રવક્તા દ્વારા આ સંદર્ભમાં એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. હવે લાલુ પ્રસાદ યાદવની પુત્રી રોહિણીના ટ્વીટ પર નીતિશ કુમારની નારાજગી એ સીધો સંકેત છે કે નીતિશ કુમારના મગજમાં કંઈક બીજું ચાલી રહ્યું છે.

## છોડનો એકબીજા સાથે વાતચીત કરતો વીડિયો કેમેરામાં કેદ

। ટોક્યો, તા.૨૭ ।

જાપાનના વૈજ્ઞાનિકોની એક ટીમે અવિશ્વસનીય શોધ કરી છે. જેમાં છોડનો એકબીજા સાથે વાતચીત કરતો વીડિયો કેમેરામાં કેદ કર્યો છે. સાયન્સ એલર્ટ અનુસાર છોડ એરબોર્ન કમ્પાઉન્ડનો એક જાળથી ઘેરાયેલા હોય છે જેનો ઉપયોગ તે કમ્યુનિકેશન કરવા માટે કરે છે. આ કમ્પાઉન્ડ ગંધ જેવા હોય છે અને આજુબાજુના છોડને ખતરાં વિશે એલર્ટ કરે છે. જાપાની વૈજ્ઞાનિકો દ્વારા રેકોર્ડ કરાયેલા વીડિયોથી જાણ થઈ કે છોડ આ હવાઈ સંકેતને કેવી રીતે મેળવે છે અને તેના પર રિએક્ટ કરે છે. ટીમના અન્ય સભ્યોમાં પીએચડી સ્ટુડન્ટ્સ યુરી અરાતાની અને પોસ્ટડૉક્ટરલ રિસર્ચર તાકુયા ઉમુરા સામેલ હતા.

### મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં બે જૂથો વચ્ચે અથડામણ

# ઉજ્જૈનમાં સરદાર પટેલની પ્રતિમા પર ટ્રેક્ટર ચઢાવીને તોડી નખાઈ

## બંને પક્ષો વચ્ચે ભારે પથ્થરમારો અને મારામારી થઈ

। (એજન્સી) ઉજ્જૈન, તા.૨૭ ।

મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં બે પક્ષો વચ્ચે જોરદાર વિવાદ થયો હતો. આજે સવારે જ માકડોન વિસ્તારમાં સરદાર વલ્લભ ભાઈ પટેલની મૂર્તિને તોડી નાખવામાં આવી હતી જેને લઈને મામલો બીચક્યો હતો. એક પક્ષ દ્વારા પહેલા આ પ્રતિમા પર ટ્રેક્ટર ચઢાવી દેવાયું હતું અને પછી પ્રતિમાને લોખંડના પાઈપ વડે તોડી પાડવામાં આવી હતી. જેના લીધે બંને પક્ષો વચ્ચે ભારે પથ્થરમારો અને મારામારી થઈ હતી. આ દરમિયાન અનેક વાહનોની તોડફોડ



કરાઈ હતી. માહિતી અનુસાર ગામમાં મંડી ગેટ તથા બસ સ્ટેન્ડ વચ્ચેની જમીન ખાલી પડી છે. જ્યાં એક પક્ષે ડૉ. ભીમરાવ આંબેડકરની પ્રતિમા સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે બીજા પક્ષ એટલે કે પાટીદાર સમાજના લોકોએ સરદાર પટેલની પ્રતિમા સ્થાપિત કરવાની માગ કરી હતી.

આ દરમિયાન કોઈએ બુધવારે રાતે એ જ જમીન પર સરદાર વલ્લભ પટેલની પ્રતિમા લગાવી દીધી. તેને લઈને સવારે ભીમરાવ આંબેડકરની પ્રતિમા લગાવવા માગતા લોકોએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પર ટ્રેક્ટર ફેરવી નાખ્યું હતું. જેના લીધે પાટીદાર સમાજના લોકો નારાજ થયા હતા અને મામલો બીચક્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ટુકડી ઘટનાસ્થળે ધસી આવી હતી. વધારાના પોલીસ જવાનોને તહેનાત કરી દેવામાં આવ્યા છે.

# ફિલિપ આઈલેન્ડ પર ચાર ભારતીયોના ડૂબી જતાં મોત

। (એજન્સી) સિડની, તા.૨૭ ।

ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયામાં ફિલિપ ટાપુ પર ગંભીર દુર્ઘટના સર્જાઈ. જ્યાં એક અજાણ્યાં બીચ પર ડૂબી જતાં ૪ ભારતીયો મૃત્યુ પામ્યા. કેનબેરામાં આવેલા ભારતીય હાઈ કમીશને આ માહિતી આપી હતી. ઘટનામાં મૃત્યુ પામનારા લોકોમાં ૩ મહિલા અને ૧ પુરુષ સામેલ હતા. આ દુર્ઘટના વિશે જાણકારી આપતાં ભારતીય હાઈકમીશને ટ્વિટ કરી હતી. જેમાં જણાવ્યું કે એક દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટનામાં ૪ ભારતીય નાગરિકોએ વિક્ટોરિયાના ફિલિપ આઈલેન્ડ પર ડૂબી જતાં જીવ ગુમાવ્યાં. એક અજાણ્યાં બીચ પર આ ઘટના બની હતી. પીડિતોના પરિવાર પ્રત્યે અમારી સહાનુભૂતિ છે. તમામ પ્રકારની સહાય કરવા અમારી ટીમ પીડિતોના મિત્રો અને પરિવાર સાથે સંપર્કમાં છે.

ઉલ્લેખનીય છે કે ૨૪ જાન્યુઆરીએ લગભગ ૩:૩૦ વાગ્યે ઈમરજન્સી કૉલ આવ્યો હતો. જેમાં ચાર લોકોના પાણીમાં ડૂબવાની જાણકારી આપવામાં આવી હતી. જેના પછી રેસ્ક્યૂ ટીમ તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી જ્યાં બેભાન અવસ્થામાં ત્રણ મહિલાઓ અને એક પુરુષ મળી આવ્યો હતો. તેમને પાણીથી બહાર લવાયા હતા.

## વિરોધ પ્રદર્શન કરનારી છાત્રાને મહિલા પોલીસ કર્મીએ વાળ ખેંચીને ઢસડી



। (એજન્સી) હૈદ્રાબાદ, તા.૨૭ ।

હૈદરાબાદમાં તેલંગાણા હાઈકોર્ટના નિર્માણ માટે કૃષિ યુનિવર્સિટીની જમીનની ફાળવણીના વિરોધ દરમિયાન સ્કૂટર પર સવાર એક મહિલા પોલીસકર્મીએ વિદ્યાર્થીનીનો પીછો કર્યો અને તેના વાળ ખેંચી તેને ઢસડી હતી. આ ઘટનાનો સમગ્ર વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જે બાદ લોકોમાં રોષ ફેલાયો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે સ્કૂટર પર સવાર બે મહિલા પોલીસકર્મીઓ એક મહિલા દેખાવકારનો પીછો કરી રહી છે અને પાછળ બેઠેલી મહિલા પોલીસકર્મી તેના વાળ ખેંચી રહી છે જેના કારણે તે મહિલા દેખાવકાર નીચે પડી ગઈ હતી. તેલંગાણા રાજ્ય કૃષિ યુનિવર્સિટીના કેમ્પસમાં એક વિદ્યાર્થી જૂથ દ્વારા હાઈકોર્ટના નિર્માણ માટે યુનિવર્સિટીની જમીનની ફાળવણી સામે વિરોધ દરમિયાન આ ઘટના બની હતી. આ વીડિયોથી લોકોમાં રોષ ફેલાયો છે. વિપક્ષ બીઆરએસઅને ભાજપે આ ઘટનાની નિંદા કરી છે અને સામેલ પોલીસકર્મીઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### પાક.-ઈરાને બાંયો ચઢાવતા ચીનનું ટેન્શન વધ્યું

# પાક. અને ઈરાન તણાવ શાંત કરવા ચીન સકારાત્મક ભૂમિકા માટે તૈયાર

## પાકિસ્તાન અને ઈરાનના તણાવ વચ્ચે બંનેને ચીન રાજી રાખી તેનું આર્થિક નુકશાન ટાળવા માગે છે : વિવાદના અંત માટે આતુર

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૭ ।

પાકિસ્તાન અને ઈરાને એક બીજાની સામે બાંયો ચઢાવી છે અને તેના કારણે ચીનની સરકારનુ ટેન્શન વધી ગયુ છે. ઈરાન અને પાકિસ્તાને ગયા અઠવાડિયે એકબીજા પર આતંકીઓને ખતમ કરવાના નામે કરેલા હવાઈ હુમલા બાદ ચીનના વિદેશ મંત્રી સન વેઈદોન્ગ પાકિસ્તાન પહોંચી ગયા હતા. તેમણે કહ્યુ હતુ કે, પાકિસ્તાન અને ઈરાન વચ્ચેના તણાવને શાંત કરવા માટે ચીન સકારાત્મક ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. ચીનની સરકાર પાકિસ્તાન અને ઈરાન એમ બંને દેશોને રાજી રાખવા માંગે છે. કારણકે પશ્ચિમ એશિયામાં પોતાનો પ્રભાવ વધારવા અને માર્કેટ ઉભુ કરવા માટે ઈરાન ચીન માટે પ્રવેશદ્વારનુ કામ કરી શકે છે. જ્યારે પાકિસ્તાનમાં ચીને ઈકોનોમિક કોરિડોર બનાવવા માટે અબજો ડોલરનુ રોકાણ કરી રાખ્યુ છે. આ પ્રોજેકટ માટે અત્યાર સુધીમાં ચીન ૨૫ અબજ ડોલરનુ સીધુ રોકાણ કરી ચુકયુ છે. ચીન પોતાના શિનજિયાંગ પ્રાંતથી લઈને પાકિસ્તાના બલૂચિસ્તાન સુધી કોરિડોરના ભાગરુપે વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેકટ પર કામ કરી રહ્યુ છે. આ બંને સ્થળો વચ્ચે ૩૦૦૦ કિલોમીટરનુ અંતર છે અને તેની વચ્ચે રસ્તા, રેલવે ટ્રેક અને ગેસ પાઈપ લાઈન પાથરવાનુ કામ ચાલી રહ્યુ છે.



આ કોરિડોર થકી ચીન હિન્દ મહાસાગર સુધી પહોંચીને દરિયાઈ રસ્તે પોતાનો વેપાર વધારવા માંગે છે. જોકે ચીન માટે ઈકોનોમિક કોરિડોર પ્રોજેકટ લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થઈ રહ્યો છે. કારણકે પાકિસ્તાન પોતે આર્થિક રીતે નબળી સ્થિતિમાં છે. બીજી તરફ બલૂચિસ્તાનમાં આ કોરિડોરનો મોટો હિસ્સો છે. આ પ્રાંતમાં લોકોનો પાકિસ્તાન સરકાર સામે રોષ વધી રહ્યો છે. ચીન સામે પણ સ્થાનિક લોકો વારંવાર વિરોધ પ્રદર્શન કરતા હોય છે. બલૂચિસ્તાનના લોકોનુ માનવુ છે કે, પાકિસ્તાનની સરકાર અમારા પ્રાંતમાંથી કુદરતી સંપદાનો ફાયદો ઉઠાવી રહી છે અને અહીંની સંખ્યાબંધ ખાણો ચીનની કંપનીઓને લીઝ પર આપી દીધી છે. બદલામાં પાકિસ્તાનની સરકાર દ્વારા બલૂચિસ્તાનને કોઈ સહાય અપાતી નથી.

ચીન અને પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોરમાં કામ કરતા ચીનના નાગરિકો પર બલૂચ ભાગલાવાદી સંગઠનો હુમલા પણ કરી ચુકયા છે. બલૂચિસ્તાનમાં ભાગલાવાદી આંદોલનો છેલ્લા કેટલાક સમયથી તેજ થયા છે. પાકિસ્તાન અને ઈરાનના તણાવ વચ્ચે બંનેને ચીન રાજી રાખી તેનું આર્થિક નુકશાન ટાળવા માગે છે. બલૂચ આંદોલનકારીઓને પાકિસ્તાનની આર્મી ગાયબ કરી દેતી હોવાના આરોપ પણ લાગી રહ્યા છે અને હાલમાં જ બલૂચ મહિલાઓએ આ મુદ્દા પર ઈસ્લામાબાદ સુધી એક રેલી પણ કાઢી હતી. બલૂચિસ્તાન તેવામાં જો ઈરાન અને પાકિસ્તાન વચ્ચે જંગ જેવી સ્થિતિ સર્જાય તો ચીનની મુશ્કેલીઓમાં વધારો થઈ શકે તેમ છે. જેના કારણે ચીન પાકિસ્તાન અને ઈરાનને શાંત પાડવા માટે મથામણ કરી રહ્યુ છે.

### તમિલનાડુમાં ફ્લાયઓવર પર ભયંકર અકસ્માત

# ધર્મપુરીમાં ફ્લાયઓવર પર ગાડીઓ અથડાતાં આગથી ૪નાં મોત થયા

## અકસ્માતમાં ૮ લોકો ઈજાગ્રસ્ત પણ થયા હતા, આ ઘટના સીસીટીવીમાં કેદ થઇ હતી, જેનો વીડિયો સામે આવ્યો

। (એજન્સી) ધર્મપુરી, તા.૨૭ ।

તમિલનાડુના ધર્મપુરી જિલ્લામાં એક ફ્લાયઓવર પર ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં ૪ લોકોના મોત થયા હતા. એક પછી એક ગાડીઓની ટક્કર થતા આગ લાગી હતી.

આ અકસ્માતમાં ૮ લોકો ઈજાગ્રસ્ત પણ થયા હતા. આ અકસ્માતની ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી, જેનો વીડિયો સામે આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ આ અકસ્માત ધર્મપુરી જિલ્લાના થોપ્પુર ઘાટ રોડ પર સર્જાયો હતો. સીસીટીવીવીડિયોમાં પાછળથી એક ઝડપી ટ્રક આવતી દેખાય છે, જે ડમ્પર અને આગળ જતા અન્ય વાહનોને ટક્કર



મારે છે. ટક્કર બાદ ડમ્પર આગળની ટ્રક સાથે અથડાયું હતું. આ પછી ડમ્પરે કાબુ ગુમાવ્યો અને ફ્લાયઓવર પરથી નીચે પડી ગયું. ડમ્પર નીચે પડે તે પહેલા એક કારને પણ ટક્કર મારી હતી. અકસ્માત દરમિયાન સૌ પ્રથમ ટક્કર મારનાર ટ્રકમાં આગ લાગી ત્યારબાદ એક કારમાં પણ આગ લાગી હતી.

### રશિયાની સાંસદે એક નવા કાયદાને મંજૂરી આપી

# રશિયામાં સૈન્યની ટીકા કરનારની સંપત્તીને જપ્ત કરી લેવામાં આવશે

## રશિયાએ યુક્રેન પર હુમલો શરુ કર્યો તે પછી ટીકા કરનારા ઘણા લોકોની અટકાયત કરી હતી : ટીકાકારો પર તવાઈ

। (એજન્સી) મોસ્કો, તા.૨૭ ।

રશિયા અને્ યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુધ્ધની વચ્ચે હવે રશિયાની સાંસદે એક નવા કાયદાને મંજૂરી આપી છે.

આ કાયદા હેઠળ હવે રશિયન સેનાની ટીકા કરનાર કોઈ પણ વ્યક્તિની સંપત્તિ તેમજ બીજી કિમતી વસ્તુઓ સરકાર જપ્ત કરી શકશે. રશિયાએ ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર હુમલો શરુ કર્યો તે પછી આ યુધ્ધની ટીકા કરનારા અને સેના માટે અપમાન જનક શબ્દોનો પ્રયોગ કરનારા ઘણા લોકોની અટકાયત કરી હતી.



જોકે યુધ્ધ લંબાઈ ગયુ છે ત્યારે લોકો પોતાનો અસંતોષ વ્યક્ત ના કરે તે માટે હવે સેનાની ટીકા કરનારાઓ સામે વધારે આકરા કાયદા લાગુ કરવાનો તખ્તો ઘડાઈ ચુકયો છે. ડયુમા તરીકે ઓળખાતી રશિયન સંસદના નીચલા ગૃહમાં આ કાયદો પસાર થઈ ગયો છે.

## તંત્રી લેખ...

# લોકશાહી અને લોકશાહીના સિદ્ધાંતોનું ભારતીય ઉપખંડ

ભારતમાં લોકશાહીનો લાંબો ઈતિહાસ છે, લોકશાહી અને લોકશાહીના સિદ્ધાંતો ભારતીય ઉપખંડ માટે નવા નથી. ભારતીય પરિપ્રેક્ષ્યમાં લોકશાહીને જોતા એમાં ધર્મ (કર્તવ્ય) ની વિભાવના ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવી છે જેમાં રાજા માટે રાજધર્મ અને પ્રજા માટે પ્રજાધર્મ નિશ્ચિત કરવામાં આવેલા જોઈ શકાય છે અર્થાત્ રાજા અને પ્રજા બંનેના કર્તવ્યો સ્પષ્ટરૂપે ચિન્હિત કરવામાં આવી છે તે. ભારતીય સંસ્કૃતિના પાયા એટલે ચાર વેદ ઋગ્વેદ, અથર્વવેદ, સામવેદ અને યજુર્વેદ. ભારતીય વૈદિકોએ એમાં રાજકીય, સામાજિક અને શૈક્ષણિક સિદ્ધાંતો સહિત વ્યાપક સભ્યતાના મૂલ્યને સમાવી લીધા છે. વિશ્વની સૌથી જૂની કૃતિઓ એવા ઋગ્વેદ અને અથર્વવેદમાં સભા, સમિતિ અને સંસદ જેવી પ્રતિનિધિ સંસ્થાઓનો ઉલ્લેખ છે જે આજે પણ એ શબ્દો એ જ અર્થમાં ઉપયોગમાં લેવાય છે. મહાન વ્યાકરણ શાસ્ત્રી પાણિની દ્વારા રચિત 'અષ્ટાધ્યાયી' જેવા ગ્રંથો ગણ, પુગ, નિગમ, જનપદ જેવી 'લોકશાહી' સંસ્થાઓને ઉજાગર કરે છે. લોકશાહી-આધ્યાત્મિક-સામાજિક નૈતિકતાઃ વિશ્વના સૌથી પ્રાચીન ભારતીય ગ્રંથ, ઋગ્વેદમાં ઉલ્લેખ છે કેઃ ''એકમ્ સદ વિપ્રા બહુધા વદન્તિ'' સત્ય એક છે, ઋષિઓ તેને જુદા જુદા નામોથી કહ્યું છે. ભારત તેના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસા દ્વારા મૂળભૂત મૂલ્યોનું સંવર્ધન કરીને લોકશાહીની જનની તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા સ્થાપિત કરી છે. મહાભારત અને રામાયણ જેવા મહાકાવ્યોથી પ્રભાવિત દેશનો સમૃદ્ધ ઈતિહાસ લોકશાહી સિદ્ધાંતો અને કાયમી નૈતિક મૂલ્યોના વિકાસનું સંરક્ષણ અને સંવર્ધન કરતો આવ્યો છે. રામાયણમાં લોકોના કલ્યાણ માટે ન્યાયસંગત શાસનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. મહાભારત, ધર્મને વ્યાખ્યાયિત કરતી વખતે નૈતિકતા અને શાસનને મહત્વ આપે છે, યુદ્ધના મેદાનમાં યુધિષ્ઠિર અને ભીષ્મનો સંવાદ આજે પણ શાસકના કર્તવ્યને સુસ્પષ્ટ રીતે પ્રતિબિંબિત કરે છે. શ્રીમદ ભગવદ ગીતા કર્તવ્યોના પાલન માટે સામાન્ય નાગરિકની સાથે શાસકને શાશ્વત માર્ગદર્શન પ્રદાન કરે છે. વર્તમાન એટલે કે આધુનિક લોકશાહીની વ્યાખ્યા કરતા કહેવાય છે કે સમાનતા એ લોકશાહીનો આત્મા છે. ભારતીય શાસ્ત્રોનો અભ્યાસ કરતા એ જણાય છે કે આજે જે ભાવનાને લોકશાહીનો આત્મા કહે છે તેને ભારતભરના તત્વચિંતકો, સંતો અને કવિઓએ અનેક વર્ષો પૂર્વે ઓળખી લીધો હતો અને સદીઓથી તેના મહત્વનો પ્રચાર પણ કર્યો. લોકોનું, લોકો દ્વારા અને લોકો થકી ચાલતુ સામૂહિક શાસન એ પ્રાચીન ભારતીય પ્રણાલીઓમાં એક મુખ્ય લક્ષણ છે જેનું જીવંત ઉદાહરણ મહાજનપદ પ્રશાસન મોડેલમાં પ્રગટ થાય છે જેમાંઃ એક પરિષદ સાથે ૧૫ મંત્રી અને ૧૦ ગણરાજ્ય જેમાં પ્રમુખ ચુંટાતા હતા. ઈ.સ. પૂર્વે ૫મી સદીમાં ગૌતમ બુદ્ધે સ્થપાયેલા બૌદ્ધ સંઘમાં લોકશાહી પ્રથાઓનું પ્રચલન દેખાય છે. બૌદ્ધ સિદ્ધાંતોએ લોકશાહી પરંપરાઓને સમર્થન આપ્યું એટલું જ નહીં નેતાઓ માટે જાહેર ચર્ચા અને ચૂંટણીઓને પણ પ્રોત્સાહન આપ્યું હોવાનું ઈતિહાસબદ્ધ છે. એક મોટા હોલમાં લોકો ભેગા મળીને એક રાજાને ચુંટતા હતા જેને 'વાશેષ્ઠ' કહેવામાં આવતા હતા, જે લોકોના રક્ષણ માટે ' વાશેષ્ઠ ' તરીકે શાસન કરતા હતા.

# સ્ત્રી સશક્તિકરણ થકી જ સંવેદનાની ખેતી કરી પરિવાર તેમજ દેશને તૂટતો બચાવી શકાય



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

કોઈ પણ ચેનલ હોય, સોશ્યલ મીડિયા હોય, કે પછી પ્રિન્ટ મીડિયા હોય, ગયાં અઠવાડિયે લગભગ બધા સમાચારમાં અયોધ્યામાં થનાર ભગવાન રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત સમાચાર રહ્યા. એટલે કે ઘટના કંઈ રીતે ઘટી, અને ઘટી રહી હતી, તે આજ સુધી હજી પણ એનાં પડઘા વાગે છે, જે ખરેખર આશ્ચર્યચકિત કરી દે તેવું જ હતું. સ્વયં મૂર્તિકાર અરુણ યોગીરાજ એ કહ્યું હતું કે મેં જ્યારે મૂર્તિ બનાવી ત્યારે એના હાવભાવ જુદા હતાં, અને અત્યારે પણ સાવ જુદા છે! આ કોઈ દૈવીય હસ્તક્ષેપ છે બાકી આ શક્ય નથી. એટલે કે આ સમગ્ર ઘટના પાછળ કોઈ દૈવી શક્તિ કામ કરી રહી છે એ સ્વીકારવું રહ્યું. આ ઉપરાંત પોષ સુદ પૂનમ એટલે કે પોષી પૂનમ પણ ગઈ, અને આ દિવસે ગિરનારી અંબાનો પ્રાગટ્ય દિવસ હતો, એટલે એ નિમિત્તે પણ દૈવીય શક્તિનું કે ભક્તિ ભાવ ભર્યું વાતાવરણ રહ્યું. ગઈકાલે ૨૦૨૪ની ૨૬ જાન્યુઆરી હતી, એટલે કે આઝાદી પછીના ૭૫ મો ગણતંત્ર દિવસ ઉજવાયો. આટલા લાંબા ગાળામાં ભારતે લગભગ દરેક ક્ષેત્રે સારો એવો વિકાસ કર્યો છે, અને એમાં સૌથી મોખરે કોઈ ક્ષેત્રમાં વિકાસ કર્યો હોય તો એ સ્ત્રી શિક્ષણની બાબતમાં છે. એટલે કે ભારતમાં સમયનો એ દોર હતો કે જ્યારે દરેક વર્ણ ને વર્ગમાં સ્ત્રી શિક્ષણને આટલું મહત્વ નહોતું, અને આજે આપણે જોઈએ છીએ કે દરેકે દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓ પોતાની વિવિધ શક્તિનો પરિચય આપી રહી છે, અને પોતાના વ્યક્તિત્વને તેમજ અસ્તિત્વની નિખારી રહી છે. ક્યારેક એ સારું પણ લાગે, અને અમુક રીતે ક્યારેક એ જ સામાજિક પતનનું કારણ પણ લાગે, પરંતુ આજે આપણે એ વિશે વાત કરવાની નથી. ૨૬ જાન્યુઆરીના રાષ્ટ્રીય એજન્ડામાં સ્ત્રી સશક્તિકરણને મુખ્ય સ્થાન આપ્યું હતું, અને આપણા રાષ્ટ્રપતિ મહોદયા દ્રૌપદી મૂર્મુએ પોતાના શુભ હાથે રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો.


ત્યારબાદ ૨૧ તોપની સલામી જીલી હતી, અને ત્રણે પાંખના સૈન્યની મહિલાઓને આગળ રાખવામાં આવી હતી. આ ઉપરાંત દરેક રાજ્યના ટેબ્લોમાં પણ નારી સશક્તિકરણની વાતને લઈને, તેમજ પોતાના રાજ્યની સંસ્કૃતિને દર્શાવવાનો પ્રયત્ન થયો હતો. ગુજરાતનાં ટેબ્લોમાં કચ્છ સંસ્કૃતિને મોખરે રાખીને ધોરડો તથા ગરબાનું મહત્વ દર્શાવાયું.

આમ એકંદરે દરેક ક્ષેત્રે સ્ત્રી શક્તિને આગળ કરવામાં આવી, એ શું બતાવે છે? એને વિશે આજે જરા વાત કરીએ. ચાર કે પાંચ વ્યક્તિ એક સાથ રહીને પરિવાર બને, અને આમજ પરિવારો ભેગા થઈ કુટુંબ, ગલી, મહોલ્લો, ગામડા, શહેર, જિલ્લા, રાજ્ય, અને રાજ્યો ભેગા થઈ દેશ બને. આપણે સૌ જાણીએ છીએ કે કોઈપણ પરિવારમાં સ્ત્રી સદસ્ય ન હોય તો એ પરિવારનું સંચાલન કરવું અઘરું પડે. જેમ પરિવારમાં રહેલી સ્ત્રી શક્તિ એક પરિવારને બાંધી શકે છે, એને વિખરાતું અટકાવી શકે છે, બસ આ વિચાર જ સ્ત્રી સશક્તિકરણની પાયામાં રહેલી મુખ્ય ભૂમિકા છે. દેશની ગરિમાને ફરી પાછી પ્રસ્થાપિત કરવા માટે, તેમજ તૂટતા જતા પરિવારોને બચાવવા, દેશની સંસ્કૃતિને ઉજાગર કરવા, સ્ત્રીઓએ એક થવું પડશે, અને માત્ર પોતાનો પરિવાર નહીં, પરંતુ સમગ્ર દેશ પોતાનો પરિવાર છે, એ નીતિ પર સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપવું પડશે, અને આ વાત કે વિચાર પર સૌને એક થવાનો સંદેશ આપવા આવી થીમ રાખવામાં આવી હશે. સ્ત્રી છે તો સંસ્કાર છે, અને સંસ્કાર છે તો જ સંસ્કૃતિ છે. આપણે જે પ્રજાસત્તાક દિવસ ઉજવ્યો એની પાછળ જેમ સંવિધાન મહત્વનું છે, બસ એ જ રીતે દરેક પરિવારને પણ પોતાના પરિવારનું સંવિધાન હોય છે, અને દરેકે દરેક એને ફોલો કરી પરિવારનો વિકાસ સાધે છે. દાખલા તરીકે ક્યા ઈશ્વરનું પૂજન કરવું? કયો ધર્મ અનુસરવો? આ ઉપરાંત ઉઠવાથી શરૂ કરીને શું ખાવું? ક્યારે ખાવું? કોની સાથે બોલવું? ક્યાં જવું? ન જવું!

ઘરે ક્યાં સુધીમાં પાછાં ફરવું? કોને માન આપવું? અને કોની માટે ત્યાગ કરવો? આ બધું જ! એટલે કે દરેકની દિનચર્યા એનાં સંસ્કાર મુજબ હોય છે. આ સંવિધાનની વાત જેટલી દ્રઢતાથી અનુસરવામાં આવે એટલી એ પરિવારની એકતા અને શક્તિ બંને વધુ હોય એ પણ સ્વાભાવિક છે.પણ આપણે સૌ જાણીએ છીએ, એમ પરિવારમાં મારું તારું થવા લાગે, તો એ પરિવાર તૂટે છે, બસ એ જ રીતે જેમ જેમ મારું તારુંની ભાવના ઘટશે, એમ ગામથી શરૂ કરીને દેશ સુધી સશક્ત થવાશે. આપણી સંસ્કૃતિના પાયામાં રહેલ ચાર મુખ્ય સ્તંભમાં પણ માતૃદેવો ભવ પ્રથમ સ્થાને એટલે જ છે. માતા છે તો સંતાન છે, સંતાન સાથે માતાનો વધુ નિકટનો નાતો છે, અને એનું કારણ પોતાના સંતાન માટે દરેક માતાનું સમર્પણ, બલિદાન, કે ત્યાગ પણ વધુ હોય છે, એટલે એનો હક પણ વધુ રહે, અથવા માન સન્માનની પણ વધુ અધિકારી છે, એ વાતને ધ્યાનમાં રાખીને માતૃદેવો ભવ પ્રથમ સ્થાને છે. ઘર પરિવારનું સંચાલન કરવા માટે જેમ શારીરિક અને બૌદ્ધિક શક્તિનો સમન્વય જોઈએ, કુનેહ જોઈએ, સુઝ બુઝ જોઈએ, આવડત જોઈએ, ધગશ જોઈએ, તેમજ સૌથી વધુ પોતાપણાનો ભાવ જોઈએ, કારણકે તો જ સમર્પણ અને બલિદાન કે ત્યાગ શક્ય છે,આ બધું હોય તો જ એ પરિવાર પ્રસન્ન રહી શકે. સ્ત્રીઓમાં અનેક પ્રકારની શક્તિ હોય છે, પણ એમાં સંવેદના શક્તિ પુરુષ કરતાં વધુ જોવા મળે છે, અને આ એક બંધારણીય રીતે પરમતત્વ તરફથી રાખવામાં આવેલ તફાવત છે. હાં દેશકાળ પ્રમાણે હવે સ્ત્રીઓમાં પણ એ બધું એટલે કે સમર્પણ બલિદાન અને મુખ્યત્વે સંવેદના ઘટતી જાય છે. જોકે આપણે સરેરાશ વેલ્યુ ની વાત કરીએ છીએ, એટલે પુરુષ કરતાં તો વધુ જ હોય! બાકી અપવાદ તો દરેકમાં હોય જ! આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે, અને એટલે ખેતી એ આપણા અર્થતંત્રનો મુખ્ય સ્ત્રોત છે.અત્યારે વિશ્વના દરેક દેશ પોતાનું અસ્તિત્વ બચાવવા મથી રહ્યા છે, એટલો મંદીનો સમય ચાલી રહ્યો છે. આવા સમયે આપણો દેશ ભારત પણ પોતાનાં અર્થતંત્રને મજબૂત બનાવવા મથી રહ્યું છે, અને એમાં સૌથી મોટી બાધા દિવસે ને દિવસે વધતી જતી ભારતની વસ્તી, એટલે કે આબાદીને કારણે આટલા બધા નું પોષણ એ પ્રાણ પ્રશ્ન છે. અનાજ, કઠોળ, ફળફળાદી, ઈત્યાદિની ખેતી તો કરવાની જ છે, પરંતુ આ એ કાળ છે કે જ્યાં સંવેદનાની ખેતી કરીવાની છે, માટે સ્ત્રી સશક્તિકરણનું મહત્વ દર્શાવાયું.

સંવેદનાની ખેતી કરીશું તો આપણો વિકાસ વધુ ઝડપથી થશે, એ નિતાંત સત્ય છે. છેક છેવાડાના માનવી સુધી જવું પડશે, દરેકને એની નબળાઈ સાથે સ્વીકારવા પડશે, એમનાં જીવંત પ્રશ્નોને સમજી એનાં ઉકેલ માટે એને પોતાના ગણી પ્રાધાન્ય આપવું પડશે, અને આ બધું જ સ્ત્રીઓ જ કરી શકે એમ છે! માટે સ્ત્રી સશક્તિકરણ ને મુખ્ય સ્થાન મળ્યું. કોઈ પણ છોડ હોય એનો વિકાસ થાય અને એ વૃક્ષ બને, એટલે કે એની ડાળીઓ વધે, પાંદડા વધે,એનું થડ જાડું થાય! એની દિવસે ને દિવસે એની ઉંચાઈ પહોળાઈ વધે! ત્યારે ફળ આવે! પણ આપણે સૌ જાણીએ છીએ તેમ જેમ ઉપર વધે એમ એના મૂળ પણ વધે છે, અને એ આ વિકાસ માટે એને જકડી રાખે છે, એને પોષણ આપે છે, અને આ ઉપરાંત એને પડવા દેતું નથી. તો આપણે પણ આપણો વિકાસ વધારવો હોય તો, આપણા મૂળ તરફ દ્દષ્ટિ કરવી પડશે, મૂળમાં રહેલા સંસ્કારને સશક્ત બનાવવા પડશે, ત્યારે જ આપણો દેશ ગમે તેવા તોફાનો નો સામનો કરીને પણ અડીખમ ઊભો રહી શકશે. સ્ત્રી સશક્તિકરણ નો આ રીતે અર્થ ગ્રહણ કરીને આપણે સૌ આપણા તૂટતાં જતાં પરિવારને અને એ રીતે દેશને તૂટતો બચાવી શકીએ, તો રામરાજ્યની આપણી પરિકલ્પના સાકાર થાય. જય હિન્દ.

# ભારતીય જનમાનસના વર્ષો જૂનો ઉદ્‌ઘોષ 'રામ લલા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે'ને સાકાર કર્યો



રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને ભારતીય ઈતિહાસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ અને અદ્વિતીય ઘટના રૂપે જોવામાં આવશે. આ સમારોહે ભારતીય જનમાનસના વર્ષો જૂના ઉદ્‌ઘોષ 'રામ લલા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે'ને સાકાર કરી દીધો. આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અડગ સંકલ્પની સાથે સાથે અસંખ્ય ભારતીયોની દઢ પ્રતિજ્ઞા, અવિરત સંઘર્ષ અને અસીમ સમર્પણનું પ્રમાણ છે. રામ મંદિર 'વસુધૈવ કુટુંબકમ્' અને 'સર્વે ભવંતુ સુખિનઃ'ની ઉદાત્ત ભાવનાને સમાહિત અને સંપોષિત કરનારું છે. આ જ કારણે વડાપ્રધાને રામ પ્રત્યે સમર્પણને રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ સાથે જોડવાનો સંકલ્પ જણાવ્યો. વાસ્તવમાં આ મંદિર આંતરરાષ્ટ્રીય સમુદાય માટે સાંસ્કૃતિક પર્યટનનું અદ્વિતીય કેન્દ્ર બનશે. બહુવિધ દુઃખોથી પીડાતા વિશ્વ સમુદાય માટે રામ અને રામરાજ્ય એક અનુકરણીય આદર્શ પ્રસ્તુત કરે છે. પૃથ્વીને 'નિસિચરહીન' કરવી લોકનાયક રામની કેન્દ્રીય પ્રતિજ્ઞા હતી. આ ધ્યેય પ્રાપ્તિ માટે તેમણે દીન-દુખિયાં, નિર્બળ અને નિર્ધનને સાધીને તેમને સંગઠિત કર્યા. તેમના આત્મગૌરવ-આત્મવિશ્વાસને જાગૃત કર્યો. રામરાજ્ય સમતા, સમરસતા, બંધુતાની સાથે સાથે સતત અને સંતુલિત વિકાસનું અનુકરણીય ઉદાહરણ છે. 'દૈહિક દૈવિક ભૌતિક તાપાસ રામ રાજ કાહુહિ નહિં વ્યાપા' અને 'નહિં દરિદ્ર કોઈ દુખી ન દીના, નહિં કોઈ અબુધ ન લક્ષણહીના' રામરાજ્યની કેન્દ્રીય વિશેષતા છે. 'રામરાજ્ય' એક યુટોપિયા નથી, પરંતુ ઐતિહાસિક અનુભવ છે. આ આદર્શ રાજ્યનું એક એવું અનોખું ઉદાહરણ છે જે આધુનિક કલ્યાણકારી લોકતાંત્રિક રાજ્ય માટે પ્રેરક છે. રામરાજ્યમાં સમાજ પીડામુક્ત અને પ્રેમયુક્ત છે. દીન-હીનને સંરક્ષણ અને સહાયતા પ્રાપ્ત થાય છે. નૈતિકતા આધારિત આ રાજ્યમાં કામ, ક્રોધ, મોહ, લોભ અને અહંકાર માટે કોઈ સ્થાન નથી. સામાજિક જીવન સુખ, શાંતિ અને સમૃદ્‌ધિથી ઓતપ્રોત છે. રામરાજ્યની આ વિશષતાઓને કારણે જ મહાત્મા ગાંધી અને પંડિત દીનદયાલ ઉપાધ્યાય જેવા મહાપુરુષોએ તેને સ્વાતંત્ર્યોત્તર ભારતના શાસન તંત્રના અનુકરણીય આદર્શ રૂપે ઓળખીને પ્રસ્તાવિત કર્યું. સંભવિતપણે એનાથી જ પ્રેરિત અને પ્રભાવિત થઈને વડાપ્રધાન મોદીએ સનાતન સંસ્કૃતિનાં મૂલ્યો અને આધુનિક લોકતાંત્રિક સિદ્‌ઘાંતોના અનોખા સંગમ પર આધારિત શાસનની સ્થાપના કરી છે. તેના દ્વારા આવિષ્કૃત શાસન સૂત્રને નવકલ્યાણવાદનું નામ આપી શકાય છે. આ રામરાજ્યનું સમસામયિક સંસ્કરણ છે. આધ્યાત્મકિ અભિપ્રેરણાથી સંચાલિત સમાવેશી વિકાસ કેન્દ્રિત સુશાસન તેનો આત્મા છે.

# મહાત્મા ગાંધીજીએ કહ્યું છે, "સારાં પુસ્તકો પાસે હોવાથી આપણને સારા મિત્રોની ખોટ વર્તાતી નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા



માનવી માનવ થાય તો ઘણું. પૃથ્વી લોકની જીવ સૃષ્ટિમાં કુદરતે માનવ જીવને એક રક્ષક ચોકીદાર પાલક તરીકે મોકલ્યો છે.જેનામાં જીવો અને જીવવા દોની ભાવના શરીર,વસ્ત્ર,મકાન વગેરેની સફાઈ રોજ કરવી પડે છે, કારણ કે રોજ તેમની ઉપર મેલ જામતો રહે છે. એવી જ રીતે મન પર પણ સંસાર ના ખરાબ વાતાવરણનો મેલ અને કુપ્રભાવ સતત પડ્યા કરે છે. તેની સફાઈ માટે રોજ સત્સંગ અને સ્વાધ્યાયરૂપી સાવરણી ફેરવવાની જરૂર પડે છે. આથી શાસ્ત્રકારોએ ભોજન,સ્નાન,શયન વગેરેની જેમ સ્વાધ્યાયને પણ નિત્યકર્મ ગણાવ્યું છે.પાણી ઢોળવામાં આવતાં જ તે ઝડપથી નીચેની તરફ આપમેળે વહેવા લાગે છે તેવી જ રીતે મનનો સ્વભાવ પણ નીચ કર્મો તરફ આકર્ષિત થવાનો છે.જો તેને અટકાવવામાં ન આવે તો તે પશુ પ્રવૃત્તિઓ તરફ જ ઢળશે. પાણીને ઉપર લઈ જવું હોય તો દોરડું,ડોલ પંપ વગેરેનો ઉપયોગ કરવો પડે છે સ્વાધ્યાયને પણ એવું સાધન કહી શકાય કે જેની મદદથી મનરૂપી પાણીને કુમાર્ગ તરફ વહેતું રોકી શકાય છે. આ એક એવો પંપ છે, જે માનસિક વૃત્તિઓને ઉચ્ચ માર્ગે ચઢાવીને તુચ્છમાનવને મહાપુરુષોની, પૃથ્વી પરના દેવતાની શ્રેણીમાં લઈ જઈને બેસાડી દે છે.

અનેક દુર્ગુણો, દુર્ભાવો અને બદીઓને સ્વાધ્યાયના આધારે સમજી શકાય છે.આત્મનિરીક્ષણ દ્વારા તેમને શોધી શકાય છે અને પ્રયત્ન પૂર્વક છોડી શકાય છે. આત્મ શોધન અને આત્મનિર્માણનું સૌથી મુખ્ય સાધન સ્વાધ્યાયને જ માનવામાં આવ્યું છે. મહર્ષિ વ્યાસે કહ્યું છે, 'સ્વાધ્યાય યોગ સમ્પ ત્યા પરમાત્મા પ્રકાશતે'અર્થાત્ સ્વાધ્યા યયુક્ત સાધનાથી પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. આપણે આપણા વ્યક્તિગત તેમ જ રાષ્ટ્રીય ચરિત્રનિર્માણ માટે સ્વાધ્યાયને જ મુખ્ય આધાર માનવો પડશે અને તેને જીવનની એક અનિવાર્ય જરૂરિયાત તરીકે લોકોને હૃદયંગમ કરાવવી પડશે. આપણા વ્યક્તિગત અને સામાજિક જીવનમાં જે અનેક દુષ્પ્રવૃત્તિઓ ઘર કરી ગઈ છે તેના થી થતા નુકસાનને સારી રીતે સમજી લેવા તેમ જ તેનેછોડી દેવા માટે પ્રેરણા આપવામાં સ્વાધ્યાયને જ મુખ્ય ઉપાય માનવો પડશે. એવી જ રીતે જે સદ્ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓવિકસિત કરવી જરૂરી હોય તેમની ઉપયોગિતા સમજીને તે ગ્રહણ કરવાનો ઉત્સાહ પેદા કરવાનું કાર્ય પણ સ્વાધ્યાયથી જ થઈ શકશે. કોઈએ મહાત્માજીને પૂછ્યું, ''મહાત્માજી !આ રામાયણને સાચું માનવું કે ખોટું?'' મહાત્માજી એ ઉત્તર આપ્યો,''જ્યારે રામાયણની રચના થઈ ત્યારે હું નહોતો. તેથી હું કેવી રીતે કહી શકું કે તે સાચું છે કે ખોટું?

હું તો માત્ર એટલું જ કહી શકું એમ છું કે તેને વાંચવાથી હું સારો બની ગયો છું. તું ઈચ્છે તો આ ક્રમ તું પણ અજમાવી શકે છે.''માત્ર વાંચવું એ સ્વાધ્યાય નથી. સ્વાધ્યાય તો તેને જ કહી શકાય કે જે આપણા જીવનની સમસ્યાઓ પર, આંતરિક મુઝવણો ઉપર પ્રકાશ પાડે છે અને માનવતાને ઉજ્જવળ બનાવનારી સત્પ્રવૃત્તિ ઓ અપનાવવાની પ્રેરણા આપે છે સાચા આત્મીય અને નિઃસ્વાર્થી મિત્રો મળવા ખુબ જ મુશ્કેલ છે, પરંતુ સારાં પુસ્તકો સહજ રીતે આપણા સાચા મિત્રો બની જાય છે.તે આપણને સાચોરસ્તો બતાવે છે,જીવનપથ પર આગળ વધવા માં આપણને સાથ આપે છે. મહાત્મા ગાંધીએ કહ્યું છે, ''સારાં પુસ્તકો પાસે હોવાથી આપણને સારા મિત્રોની ખોટ વર્તાતી નથી.હું જેટલાં પુસ્તકોનું અધ્યયન કરું છું તે બધાં મને ઉપયોગી મિત્રો જેવાં જણાય છે.'' યાદ રાખો કે પુસ્તકોએ જાગૃત દેવતા છે. તેમનું અધ્યયન, મનન અને ચિંતન દ્વારા પૂજન કર્યા પછી તરત જ વરદાન મેળવી શકાય છે.

આપણે નિયમિત રીતે સગ્રંથોનું અવલોકન કરવું જોઈએ. ઉત્તમ પુસ્તકોના સ્વાધ્યાયને જીવનનું જરૂરી કર્તવ્ય બનાવી દેવું જોઈએ પુસ્તકોના અધ્યયન સમયે મનુષ્ય એક સૂક્ષ્મ વિચાર લોકમાં વિહરવા લાગે છે. મનુષ્ય તે સમયે દશ્ય જગત,શરીર,અહીંનાં અનેક કાર્યો તથા ઝંઝટોને પણ ભૂલી જાય છે. સૂક્ષ્મ વિચારલોકમાં ભ્રમણ કરવાનો આ અવર્ણનીય આનંદ યોગીઓની સમાધિ અવસ્થાના આનંદ જેવો જ હોય છે. આ સ્થિતિમાં મનુષ્ય દશ્ય જગતથી ઉપર ઊઠીને અદશ્ય સંસારમાં, સૂક્ષ્મલોકમાં વિચરણ કરવા લાગે છે અને ત્યાં અનેક દિવ્ય ચેતન વિચારોનો માનસિક સ્પર્શ કરે છે.

આ બિલકુલ એવી જ સ્થિતિ છે, જેમાં યોગીઓ દિવ્ય ચેતનાનું સાંનિધ્ય પ્રાપ્ત કરે છે. ધ્યાનાવસ્થામાં પુસ્તકોનું અધ્યયન કરવુંએ એક એવી સાધના છે, જેનાથી મનુષ્ય પોતાના અંતર્બાહ્ય જીવનનો પૂરતો વિકાસ કરી શકે છે. મનોવિકારોથી પરેશાન, દુઃખી તથા ચિંતિત માણસ માટે તેના દુઃખ દર્દ સમયે તેવાં પુસ્તકો અમૃત સમાન છે, જેમનું સાંનિધ્ય પ્રાપ્ત કરીને તે પોતાનાં દુઃખ દર્દ,કલેશ બધું જ ભૂલી જાય છે. સારાં પુસ્તકો મનુષ્યને ધૈર્ય, શાંતિ અને સાંત્વના આપે છે. કોઈએ કહ્યું છે, ''સારાં પુસ્તકોથી રોગપીડિત વ્યક્તિને ઘણી શાંતિ મળે છે. જેવી રીતે પ્રેમાળ માતાની હળવી હળવી ટપલીઓ બાળકને મીઠી ઊંઘમાં સુવડાવી દે છે તેવી જ રીતે મન અથવા શરીરની પીડાને શાંત કરવા માટે ઉત્તમ પુસ્તકોનો આધાર લેવો સુખદ હોય છે.' સદવિચારોના મહિમાનો અનુભવ તો આપણે કરીએ છીએ,પરંતુ તેના પર દઢ રહી શકતા નથી. જ્યારે કોઈ સારું પુસ્તક વાંચીએ કે સત્સંગ-પ્રવચન સાંભળીએ છીએ ત્યારે એવી ઈચ્છા થાય છે કે આ સારા માર્ગ પર ચાલીએ, પરંતુ જેવો પ્રસંગ પૂરો થાયકે તરત જ જૂના વિચારો ફરીથી મસ્તક પર અધિકાર જમાવી દે છે અને ફરી પાછું એ જ રગશિયું ગાડું ચાલવા લાગે છે. આમ ઉત્કૃષ્ટ જીવન વિતાવવાની આકાંક્ષા એક કલ્પના માત્ર બની રહે છે. એનું કારણ એ છે કે અભ્ય સ્ત વિચારો ઘણા સમયથી મગજમાં મૂળિયાં જમાવીને પડેલા છે,મન પણ તેમનાથી ટેવાયેલું છે. શરીરે પણ તેમને એક સ્વભાવ તથા ઘરેડ તરીકે અપનાવ્યા છે. આવી રીતે જૂના વિચારોનો પૂરેપૂરો કાબૂ પોતાના મન અને શરીર પર હોય છે.આ કાબૂ દૂર થાય અને નવા ઉત્કૃષ્ટ વિચારો તે સ્થાન ગ્રહણ કરે તો જ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એટલે કે અંતઃકરણ ચતુષ્ટય બદલાય. જ્યારે અંતઃ ભૂમિકા બદલાશે ત્યારે તેનો પ્રકાશ બાહ્ય કાર્યોમાં જોવા મળશે. પરિવર્તનની આ જ સાચી રીત છે.

ઉચ્ચ વિચારોને થોડી વાર માટે જ આપણી મનોભૂમિમાં સ્થાન મળે છે. જેટલા સમય માટે સત્સંગ અને સ્વાધ્યાયની તક મળે છે તેટલા સમય માટેજ સારા વિચારો મગજમાં ટકી શકેછે. ત્યાર પછી પાછા જૂના કુવિચારો આંધી તોફાનની જેમ આવીને તે શ્રેષ્ઠ વિચારોરૂપી નાની વાદળીને એક બાજુ ભગાડી દે છે. નિકૃષ્ટ વિચારો માં તાત્કાલિક લાભ અનેઆકર્ષણ વધારે હોય છે.લાંબા સમયના અભ્યાસને કારણે તેમનાં મૂળિયાં પણ ખૂબ જ ઊંડાં ઊતરી ગયાં હોય છે. તેમને ઉખાડીને નવા શ્રેષ્ઠ વિચારોની સ્થાપના કરવીએ ખરેખર ખૂબ મોટો પુરુષાર્થ છે. આ સૃષ્ટિમાં માનવ દેહએ ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન છે. માનવથી વધીને અહીં કંઈ જ નથી. પહાડ જેવો હાથી પણ તેના અંકુશમાં છે. કેસરી સિંહ કહ્યાગરો બની તેના ઈશારે સળગતી રીંગ ટેકે છે. બલૂન બનાવી પક્ષી જેવા ઉડ્યન નો આનંદ એણે પામી દીવો છે. માણસે પોતાના આનંદ-પ્રમોદ માટે 'હરણફાળ' શબ્દ ટૂંકો પડે એટલી પ્રગતિ કરી છે,પણ એ ઈચ્છિત આનંદ પામ્યો છે.એણે જોઈતી ગમતી જિંદગી બનાવી છે? મોટા ભાગના માણસોની જિંદગી જોતા આ પ્રશ્નનો જવાબ ના'માં આવશે. આનું કારણ શું?એવી કઈ વસ્તુ છે જે માનવને પીડી રહી છે? ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન આટલું રિબાતું- પીડાતું શા માટે?આ પ્રશ્નનો છેવટે સળવળાટ કરાવતા જ રહેશે.



# પરિણીતી ચોપરા તેના જીવનનો 'નવો અધ્યાય' શરૂ કરવા માટે તૈયાર છે

## તેને હંમેશા ગાયનમાં ઊંડો રસ દર્શાવ્યો છે અને હવે અભિનેત્રીએ જાહેર કર્યું કે તે તેની કારકિર્દીના ભાગ રૂપે તેને આગળ વધારવા માંગે છે

પરિણીતી ચોપરા દિલ જીતનાર જેવી ફિલ્મોમાં એક નવા જુસ્સાને આગળ વધારવા માટે તૈયાર છે. અભિનેત્રી, જેણે હંમેશા સંગીત અને ગાયન પ્રત્યેના તેના પ્રેમ વિશે વાત કરી છે, તે તાજેતરમાં તેની નવી સફરની શરૂઆત વિશે વાત કરતી જોવા મળી હતી અને અમે રાજકારણી રાઘવ ચઢ્ઢા સાથેના તેના નવા લગ્ન જીવન વિશે વાત કરી રહ્યા નથી. અભિનેત્રીએ, સોશિયલ મીડિયા પર, આ પ્રકરણ વિશે બધાનું અનાવરણ કર્યું જે તેની 'સંગીતની સફર' વિશે છે કારણ કે તેણીએ નવી સંગીત કારકિર્દી શરૂ કરવાનો સંકેત આપ્યો હતો. ઈન્સ્ટાગ્રામ પર જઈને, પરિણીતી ચોપરાએ લાઈવ સ્ટેજ પરફોર્મન્સ માટે તૈયારીનો એક વીડિયો શેર કર્યો અને તેના વિશે કૅપ્શનમાં ખુલાસો કર્યો જેમાં તેણે કહ્યું, "મ્યુઝિક, મારા માટે, હંમેશા મારી ખુશીનું સ્થાન રહ્યું છે.. મેં અસંખ્ય સંગીતકારોને જોયા છે. સમગ્ર વિશ્વમાં સ્ટેજ પર પ્રદર્શન કરી રહ્યું છે અને હવે આખરે મારો તે વિશ્વનો ભાગ બનવાનો સમય છે. હું ખૂબ નસીબદાર, ધન્ય અને તણાવ અનુભવું છું?? મારા જીવનમાં એક સંપૂર્ણ નવો અધ્યાય શરૂ કરવા વિશે અને હું પ્રામાણિકપણે વર્ણન કરી શકતો નથી.



# ટીવી પર ફરી એક વાર છવાઇ જશે ટીવી એક્ટ્રેસ કોકિલા બેન

## રુપલ પટેલની એક તસવીરો પર અઢળક મીમ્સ બનવા લાગ્યા હતા, રુપલ પટેલ એની જોરદાર એક્ટિંગ માટે ફેમસ છે

ટીવી પર આવતા અનેક શો એવા છે જે ઘર-ઘરમાં લોકો માટે ફેવરિટ બની જાય છે. આ શોમાં ભૂમિકા ભજવનાર એક્ટ્રેસ અને એક્ટર લોકોને ખૂબ પસંદ પડતા હોય છે. ખાસ કરીને એ રોલ ફેમસ થઈ જાય છે જેની ભૂમિકા જોરદાર હોય. એવી જ એક સિરીયલ સાથ નિભાના સાથિયા આવતી હતી જેમાં કોકિલા બેનનો રોલ પ્લે કરનાર એક્ટ્રેસ રુપલ પટેલ પણ ખૂબ પોપ્યુલર છે. શોમાં જોવા મળતો એમનો એક ડાયલોગ કોરોના કાળમાં ખૂબ વાયરલ થયો હતો. ત્યારબાદ રુપલ પટેલની એક તસવીરો પર અઢળક મીમ્સ બનવા લાગ્યા હતા. રુપલ પટેલ એની જોરદાર એક્ટિંગ માટે ફેમસ છે. વર્ષો પછી ટીવીનો એક નવા શોમાં નજરે પડશે. જો કે રુપલ પટેલ કયા શોમાં જોવા મળશે એની કોઈ જાણકારી મળી નથી. મળતી માહિતી અનુસાર સ્ટાર પ્લસના એક નવા શોમાં મહત્વની ભૂમિકામાં જોવા મળશે. કોકિલા બેન બનીને રુપલ પટેલે ફેન્સનું દિલ જીતી લીધુ હતુ. મિડીયા રિપોટ્સનું માનીએ તો રુપલ પટેલ એક નવા વેન્ચર સાથે સ્ટાર પ્લસ પર વાપસી કરશે. એવામાં શું કોઈ નવો શો હશે? આ કહેવુ પણ મુશ્કેલ છે. એવામાં રુપલ પટેલે એમની આઈકોનિક ભૂમિકા કોકિલા બેન માટે જાણીતી છે અને ફેન્સ માટે સુપર એક્સાઈટેડ છે. કોકિલા બેન બનીને જ્યાં એક સખ્ત સાસુના રોલમાં આવી હતી આવી હતી અને ઘર-ઘરમાં એમનો રોલ પસંદ કરવામાં આવ્યો હતો. હવે રુપલ પટેલ કોઈ નવી ભૂમિકામાં ફેન્સને એન્ટરટેનમેન્ટ કરવા માટે આવી રહી છે, પરંતુ કયા શોમાં હવે જોવા મળશે એ જાણકારી મળી નથી. જલદી સ્ટાર પ્લસના એક નવા શોમાં મહત્વની ભૂમિકામાં જોવા મળશે.



# અક્ષય સહિત આ સિતારાઓએ આપી ગણતંત્ર દિવસની શુભેચ્છા

## અનુપમ ખેરે પોસ્ટ શેર કરતા કેપ્શનમાં લખ્યુ છે કે દરેક ભારતવાસીયોને ગણતંત્ર દિવસ પર હાર્દિક શુભકામનાઓ

ભારત એનો ૭૫મો ગણતંત્ર દિવસ મનાવી રહ્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ બોલિવૂડ સિતારાઓ દેશભક્તિના રંગમાં રંગાઈ ગયા છે. ઈન્ડસ્ટ્રીના તમામ સેલેબ્સે ફેન્સને રિપબ્લિક ડેની શુભકામનાઓ પાઠવી છે. આમ, વાત કરવામાં આવે તો ગણતંત્ર દિવસની ઉજવણી દરેક લોકો અલગ-અલગ રીતે પોતાના જુસ્સાથી કરતા હોય છે. આમ વાત કરવામાં આવે તો સ્કૂલથી લઈને સેલેબ્સ હંમેશા દેશભક્તિના રંગમાં રંગાઈ જાય છે. તો જાણો કયા સેલેબ્સે ગણતંત્ર દિવસની શુભકામનાઓ પાઠવી છે. દિગ્ગજ અભિનેતા અનુપમ ખેરે એમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વિડીયો શેર કર્યો છે. ઈન્સ્ટાગ્રામ પર આ વિડીયો શેર કરીને ગણતંત્ર દિવસની શુભકામના આપી છે. જ્યાં દેશના જવાનોને તમે પરેડ કરતા જોઈ શકો છો. અનુપમ ખેરનો આ વિડીયો જોઈને તમારા જુસ્સો આવી જશે. અનુપમ ખેરે પોસ્ટ શેર કરતા કેપ્શનમાં લખ્યુ છે કે દરેક ભારતવાસીયોને ગણતંત્ર દિવસ પર હાર્દિક શુભકામનાઓ. આ વિડીયો બોમબે સૈપર્સના રિહર્સલના વ્હાટ્સએપ ફોર્વર્ડથી આવ્યો છે. આ યુનિટના નેતૃત્વ મહિલા ઓફિસર રૂચી યાદવ કરી રહ્યા છે. આ વિડીયોના બેકગ્રાઉન્ડમાં એક સામાન્ય ભારતીય નાગરિકનો અવાજ રેકોર્ડ થયો છે. આ અવાજમાં કેટલો ગર્વ છે, આ ભારતની ગૌરવતાં છે. જય હિન્દ, ભારત માતા કી જય. હંમેશાની જેમ આ વખતે સાચા દેશભક્ત અક્ષય કુમારે દરેક દેશવાસીઓને રિપબ્લિક ડે વિશ કર્યો છે. આ ખાસ દિવસે અક્ષય કુમારે એમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વિડીયો શેર કર્યો છે, જ્યાં એમની સાથે ટાઈગર શ્રોફ પણ દેશભક્તિના રંગમાં રંગાયેલા જોવા મળે છે. વિડીયોમાં આ બન્ને સિતારા હાથમાં ત્રિરંગો લઈને સમુદ્ર કિનારે દોડતા જોવા મળી રહ્યા છે. આ વિડીયોને શેર કરતા ખેલાડી કુમારે કેપ્શનમાં લખ્યુ છે કે ન્યૂ ઈન્ડિયા, ન્યૂ કોન્ફિડન્સ, ન્યૂ વિઝન..અમારો ટાઈમ આવી ગયો છે. હેપ્પી રિપબ્લિક ડે. ફેન્સને અક્ષયનો આ અંદાજ ખૂબ પસંદ પડી રહ્યો છે. આમ વાત કરવામાં આવે તો દેશભક્તિના રંગમાં અનેક લોકો મસ્ત અંદાજમાં ગણતંત્ર દિવસને ઉજવી રહ્યા છે અને શુભકામના આપી રહ્યા છે.





### મામલો કોર્ટમાં પહોંચ્યો ને કરિયર બરબાદ

# નિકિતા હુકરાલ પહેલી ફિલ્મથી બની ગઈ હતી સુપરસ્ટાર

## નિકિતા હુકરાલએ એક પછી એક સાઉથ ઈન્ડસ્ટ્રીમાં ડઝનબંધ જેવી મલયાલમ, તેલુગુ અને કન્નડ ફિલ્મોમાં કામ કર્યું અને દર્શકોને તેના દિવાના બનાવ્યા હતા

એવું કહેવાય છે કે દરેક સફળ વ્યક્તિ પાછળ તેના જીવનસાથીની ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે, પરંતુ જીવનમાં ક્યારેક એવા નિર્ણયો આવે છે જેના કારણે બોલિવૂડ કલાકારોનું કરિયર ખતમ થવાના આરે આવી જાય છે. આજે અમે એવી જ એક અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ, જેણે એક પછી એક ઘણી સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યું. પરંતુ અચાનક તેના જીવનનો એક નિર્ણય તેની કારકિર્દી બરબાદ કરવાનું કારણ બની ગયો. આ નિર્ણય બીજું કોઈ નહીં પણ આ અભિનેત્રીનું અફેર હતું. આવો તમને જણાવીએ કે આ અફેરને કારણે આ એક્ટ્રેસનું કરિયર કેવી રીતે સમાપ્ત થયું. અમે જે અભિનેત્રીની વાત કરી રહ્યા છીએ તે સાઉથ ઈન્ડસ્ટ્રીની સુપરસ્ટાર રહી છે. તેણે એક પછી એક ડઝનબંધ મલયાલમ, તેલુગુ અને કન્નડ ફિલ્મોમાં કામ કર્યું અને દર્શકોને દિવાના બનાવ્યા. તેની સુંદરતા અને અભિનયથી બધા પ્રભાવિત થયા હતા. તે અભિનેત્રી બીજી કોઈ નહીં પરંતુ સાઉથ ઈન્ડસ્ટ્રીની સુપરસ્ટાર તરીકે જાણીતી નિકિતા હુકરાલ છે. ઈન્ડસ્ટ્રીમાં એવા ઘણા સ્ટાર્સ છે જે રાતોરાત સ્ટાર બની ગયા. નિકિતા હુકરાલ તેમાંથી એક છે. નિકિતાનો જન્મ પંજાબી પરિવારમાં થયો હતો. તેમણે કિશનચંદ ચેલારામ કોલેજ, મુંબઈમાં અભ્યાસ કર્યો અને અર્થશાસ્ત્રમાં માસ્ટર ડિગ્રી મેળવી. સાઉથ ઈન્ડસ્ટ્રીના ફિલ્મમેકર ડી રામા નાયડુએ નિકિતાને રેસ્ટોરન્ટમાં જમતી જોઈ હતી. બસ અહીંથી તેમણે નિકિતાને પોતાની ફિલ્મમાં કામ કરવાની ઓફર કરી. આ ફિલ્મથી નિકિતા રાતોરાત સુપરસ્ટાર બની ગઈ અને તેણે એક પછી એક ઘણી સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યું. એક પછી એક અનેક સુપરહિટ ફિલ્મો આપનાર નિકિતા પડદા પર જોવા મળતી નથી. નિકિતાએ તેના જીવનમાં એક એવું પગલું ભર્યું, જેના કારણે તેની આખી કારકિર્દી દાવ પર લાગી ગઈ. થયું એવું કે તેના અફેરને કારણે તેનું કરિયર ખતમ થવાના આરે આવી ગયું. નિકિતાએ કૈયેથુમ દોરાથ અને કલ્યાના રામુડુ જેવી ફિલ્મોથી ઘણું નામ કમાવ્યું હતું. તેની એક્ટિંગને ચાહકોએ ખૂબ વખાણી હતી. પરંતુ આ દરમિયાન તેના અફેરના સમાચાર પણ સામે આવવા લાગ્યા હતા.



### કટાક્ષ ડ્રીમગર્લની પર્સનલ લાઈફને લઈને હતું

# અભિનેત્રી હેમા માલિની પર શ્રીદેવીએ કટાક્ષ કર્યો હતો

## ધર્મેન્દ્ર સાથેના હેમા માલિનીના અફેર પર તેણે કટાક્ષ કર્યો ત્યારે તેમના બોન્ડિંગને થોડી ઠેસ પહોંચી હતી


શ્રીદેવી ભલે આજે આપણી વચ્ચે નથી, પરંતુ તેની ફિલ્મો અને ગીતો આજે પણ દર્શકો પર છવાયેલા છે. લગભગ ૫૦ વર્ષની પોતાની કારકિર્દીમાં, તેણે બાળ કલાકારથી લઈને બાળકોની 'મમ્મી' સુધીની વિવિધ ભૂમિકાઓમાં ઘણી અદ્ભુત ફિલ્મો આપી છે. શ્રીદેવી પોતાની સુંદરતાથી પણ બધાનું દિલ જીતી લે છે. તેની સાથે જ શ્રીદેવીનો બેબાક અંદાજ ફેન્સને દીવાના બનાવી દેતી હતી. જો કે, એકવાર તેમના એક નિવેદનમાં તેમણે તેમની ખાસ મિત્ર હેમા માલિની વિશે કંઈક કહ્યું હતું, જેના કારણે ભારે હોબાળો થયો હતો. જોકે તેણે પોતાના નિવેદનમાં નિર્દેશક હેમા માલિનીનું નામ લીધું નહતું. જણાવી દઈએ કે શ્રીદેવી અને હેમા માલિની ૮૦ના દાયકાની દમદાર એક્ટ્રેસમાંથી એક છે. એક સમયે બંને સુંદરતા અને અભિનયના મામલે એકબીજાને ટક્કર આપતા હતા. તે જ સમયે, બંનેએ એકબીજા સાથે સારો બોન્ડ પણ શેર કર્યો હતો.

જોકે, ધર્મેન્દ્ર સાથેના હેમા માલિનીના અફેર પર તેણે કટાક્ષ કર્યો ત્યારે તેમના બોન્ડિંગને થોડી ઠેસ પહોંચી હતી. શ્રીદેવીએ એક જૂના ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે હેમા માલિની તેની સારી મિત્ર છે. પરંતુ શ્રીદેવી ક્યારેય પરિણીત પુરુષને ડેટ કરશે નહીં કે લગ્ન કરશે નહીં. તેણે વર્ષ ૧૯૮૪માં 'સ્ટારડસ્ટ' મેગેઝીનને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી હતી. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો આ વાત ત્યારે થઈ જ્યારે એક તરફ શ્રીદેવીનું નામ જીતેન્દ્રની સાથે જોડવામાં આવ્યુ હતું.



# બારીયા ફળિયા વર્ગ પ્રાથમિક શાળા ખાતે રંગે ચંગે પ્રજાસત્તાક દિનની ઉજવણી

## પ્રજાસત્તાક દિને પરેડમાં કદમતાલ મિલાવવા માટે પોલીસ જવાનોમાં ઉત્સાહ






। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૭ ।

બારીયા ફળિયા વર્ગ પ્રાથમિક શાળા ખાતે ગરાસિયા નિરાલીબેન શરદભાઈના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું.આ પ્રસંગે શાળાના બાળકો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય રાજેશ.એસ.પ ચાલે પ્રજાસત્તાક દિનની ઉજવણી વિશે પ્રવચન આપ્યું. તેમજ દેશની આઝાદીમાં વીર શહીદોનું બહુમૂલ્ય યોગદાન રહ્યું તેની સમજ આપી. શિક્ષણ અને સ્વચ્છતા વિશે પણ ગ્રામજનોને જાગૃત રહેવા કહ્યું. આ પ્રસંગે ગામના વયો વૃદ્ધ વસૈયા કલાભાઈ ફતાભાઈનું શાળાના આચાર્ય રાજેશ કુમાર પંચાલ, ચેતનભાઈ વસૈયા તેમજ અમૃતભાઈ કટારા દ્વારા સાલ ઓઢાડી, ફૂલહાર પહેરાવી તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ. શાળામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર તંબોલીયા ધુળી બેન નું પણ પુષ્પગુચ્છ થી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે નવી નિમણૂક પામેલા શિક્ષિકા અંકિતાબેન પટેલ તેમજ પટેલિયા મનિષાબેનનું પણ પુષ્પ ગુચ્છ થી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેતનભાઇ વસૈયા દ્વારા ગ્રામજનોને જાગૃત રહી બાળકોને શાળા સુધી મોકલવા દરેક વાલીઓને વિનંતી કરી હતી. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય રાજેશ પંચાલે કાર્યક્રમમાં પ ધારેલ સૌ ગ્રામજનો નો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

# ઝાલોદ તાલુકાની ફૂલપુરાની શિક્ષિકાનું ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ તાલુકાની ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષીકા ચૌહાણ પૂજાબેન ચંદ્રવદનને શાળા પરીવાર, એસ.એમ.સી.સભ્યો, ગ્રામજનો અને બાળકોની હાજરીમાં તેમની ઉત્કૃ ષ્ટ શૈક્ષણીક કામગીરી માટે સન્માનિત કરવામાં આવ્યાં તથા ઉપ સ્થિત તમામ લોકો દ્વારા ભવિષ્યમાં પણ ખૂબ આગળ વધે તેવી શુભકામનાઓ આપી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

## બનાસકાંઠા જીલ્લાની આર્થિક નગરી

# ડીસામાં પણ પ્રજાસતાક દિવસની ઉજવણી ગાંધીચોક ખાતે કરવામાં આવી



તસ્વીર : મહંમદ રફીક શેખ (રાજુ), ડીસા



ડીસા નગરપાલિકા કર્મી સલીમ શેરમહંમદ શેખ ને સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ ધારાસભ્ય પ્રવીણ માળી. પુર્વ ધારાસભ્ય શશીકાંત પંડ્યા. નગરપાલિકા પ્રમુખ સંગીતાબેન દવે. તથા પુર્વ વેરહાઉસ ચેરમેન મગનલાલ માળી. દ્વારા સંમાનિત કરવામાં આવ્યા. સમગ્ર દેશમાં આજે ૨૬ મી જાન્યુઆરી નિમિતે ૭૫ મી પ્રજાસતાક દિવસની ઉજવણી કરવામાં આવી તે નિમિતે બનાસકાંઠા જીલ્લાની આર્થિક નગરી ડીસામાં પણ પ્રજાસતાક દિવસની ઉજવણી ગાંધીચોક ખાતે કરવામાં આવી તે નિમિતે નગરપાલિકા કર્મી સલીમ શેરમહંમદ શેખ ને સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ ધારાસભ્ય પ્રવીણ માળી ના દ્વારા સાલ ઓઢાડી તથા પુર્વ ધારાસભ્ય શશીકાંત પંડ્યા દ્વારા ટ્રોફી અર્પણ કરી તથા નગરપાલિકા પ્રમુખ સંગીતાબેન દવે દ્વારા ગુલદસ્તો તથા પુર્વ વેરહાઉસ ચેરમેન મગનલાલ માળી. દ્વારા સાલ ઓઢાડી સંમાનિત કરવામાં આવ્યા હતા તથા તેમની સમગ્ર ટીમને સરસ કામ ગીરી બદલ બિરદાવવામાં આવી હતી.

# ઝાલોદ નગર વેપારી વિકાસ મંડળ (ટ્રસ્ટ)ની સાધારણ સભા ગોયલ પેલેસ ખાતે યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ નગર વેપારી વિકાસ મંડળની સ્થાપના ૦૧-૦૫-૨૦૯૪ ના રોજ વ્યાપારીઓના વિકાસ અને એકબીજાના સહયોગ માટે કરવામાં આવી હતી. નગરનું આ ટ્રસ્ટ ૩૦ મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે.વેપારી વિકાસ મંડળ ટ્રસ્ટમાં વ્યાપારી વર્ગની દર વર્ષે સાધારણ સભા યોજાતી હોય છે જેમાં વ્યાપારિયો ને પડતી સમસ્યા અને વ્યાપારીઓના વિકાશ માટે આવેલ સૂચનો પર ચર્ચા કરવામાં આવે છે. વ્યાપારીઓ સહુ એક મત થઈ નિર્વિવાદ બની આ સંસ્થામાં ફારેગ થતાં કારોબારી સભ્યોને બહુમતી થી આવેલ દરખાસ્ત મુજબ હોદ્દેદારની નિમણૂક કરતા આવેલ છે. આ સંસ્થામાં આસરે ૬૫૦ જેટલા સભ્યો જોડાયેલ છે. આ સંસ્થાની સહુ થી મોટી ખાસિયત એ છે કે કોઈ પણ વર્ષે હોદ્દેદારોની ચૂંટણી યોજાઈ નથી અને આજ નગરમાં વ્યાપારીઓમાં એકતા છે તેમ દર્શાવે છે. તારીખ ૨૬-૦૧-૨૦૨૪ ના શુક્રવારના રોજ ગોયલ પેલેસના હોલમાં પ્રમુખ શુભકરણ અગ્રવાલ, મંત્રી મૂકેશ અગ્રવાલ, ઉપ પ્રમુખ કે.કે.નાયર, કોષાધ્યક્ષ અનિલ. આર.પંચાલ અને ઉપસ્થિત કારોબારી સભ્યો તેમજ વેપારી વિકાસ મંડળના સભ્યો સાથે ત્રીસમી સાધારણ સભા ભોજન સમારંભ સાથે યોજાઈ તેમાં ઉપસ્થિત સહુ વ્યાપારીઓનુ એક જ સૂત્ર બીના સહકાર નહીં ઉદ્ધાર.

# ગુજરાત પર ઉત્તર પૂર્વથી પૂર્વિય પવનો ફૂંકાઇ રહ્યા છે, આગામી પાંચ દિવસ ઠંડી નહીં ગરમીનો પ્રકોપ રહેશે?

## હવામાન વિભાગની માહિતી પ્રમાણે, આજે અમદાવાદના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે



। (માહિતી) અમદાવાદ, તા.૨૭ ।

રાજ્યમાં રાતથી સવાર સુધીમાં ઠંડીનો ચમકારો અનુભવાય છે. જેમ જેમ દિવસ વિતતો જાય છે તેમ તેમ ગરમીનો પણ ચમકારો વધતો જાય છે. ત્યારે રાજ્યમાં આગામી પાંચ દિવસ તાપમાન વધવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હાલ ગુજરાત પર ઉત્તર પૂર્વથી પૂર્વિય પવનો ફૂંકાઈ રહ્યા છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રની વેબસાઈટ પર આપેલી માહિતી પ્રમાણે, આગમી પાંચ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ધીરે ધીરે બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે. જેનો અર્થ એમ થાય કે, ગુજરાતમાં ઠંડીમાં ઘટાડો થશે અને ગરમીમાં વધારો થઈ શકે છે. આ સાથે હવામાન વિભાગની વેબસાઈટ પરથી મળતી માહિતી પ્રમાણે, આજે અમદાવાદના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. આજે અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. શુક્રવારે રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત રહ્યો હતો. રાજ્યના ૧૭ શહેરમાં ૧૫ ડિગ્રીથી પારો નીચે પહોંચ્યો હતો. ૧૦ ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુ બન્યુ હતુ. આ સાથે ગાંધીનગર અને વડોદરામાં ૧૧ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. જ્યારે રાજકોટ, ડીસા, ભુજમાં ૧૨ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. અમદાવાદ સહિત ૩ શહેરમાં ૧૩ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ.

# ઝાલોદ નગરની જય દશામાં વિધાલય અને કેસરીયાજી કોલેજ ખાતે ૭૫ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ તાલુકાની ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષીકા ચૌહાણ પૂજાબેન ચંદ્રવદનને શાળા પરીવાર, એસ.એમ.સી.સભ્યો, ગ્રામજનો અને બાળકોની હાજરીમાં તેમની ઉત્કૃષ્ટ શૈક્ષણીક કામગીરી માટે સન્માનિત કરવામાં આવ્યાં...

# કપડવંજની શ્રી નાગણેશ્વરી કૃપા ગેસ એજન્સીને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવી

## પ્રજાસત્તાક પર્વ પ્રસંગે કપડવંજ પ્રાંત અધિકારીશ્રીના વરદ હસ્તે સંચાલકશ્રી રાજેન્દ્રસિંહ રાઠોડને સન્માન પત્ર આપી શ્રી નાગણેશ્વરી કૃપા ગેસ એજન્સીની પ્રસંશનિય કામગીરીને બિરદાવવામાં આવી.




તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને પૂર્ણ કરતા શ્રી નાગણેશ્વરી કૃપા ગેસ એજન્સીએ શ્રેષ્ઠ કામગીરી કરી અઢાર હજારથી વધુ લાભાર્થીઓને વિના મૂલ્યે ગેસ કનેક્શન આપ વામાં આવ્યા.. આપણા આદરણીય પ્રધાન મંત્રીશ્રી એ મહિલાઓ ને મળ્યું સન્માન સ્વચ્છ ઈંધણ,બહેતરજીવન ના નારા સાથે ૧૫મી મે,૨૦૧૬ ના રોજ ઉત્તર પ્રદેશ ના બલિયા થી પ્રધાન મંત્રી ઉજ્જવલા યોજના ની શરૂઆત કરી હતી.

ગરીબ પરિવાર ની મહિલાઓ ને વિનામૂલ્યે ગેસ જોડાણ આપવાની આ યોજના ને કપડવંજ પ્રાંત ના ગામે ગામ અને ઘેર ઘેર પહોંચાડવા માટે છેલ્લા આઠ વર્ષ થી મન વચન કર્મ થી કાર્ય કરી ખેડા જિલ્લા માં પ્રધાન મંત્રી ઉજ્જવલા યોજના ની પાત્રતા ધરાવતા મહીલા લાભાર્થીઓ ને સૌથી વધુ ગેસ જોડાણ આપવા બદલ તથા વિકસિત ભારત સંકલ્પ યાત્રા હોય કે સેવા સેતુ કાર્યક્રમ શ્રી નાગણેશ્વરી કૃપા ગેસ એજન્સી હંમેશા ખડે પગે હાજર જ હોય.૧૫ મે ૨૦૧૬ એટલે કે પ્રધાન મંત્રી ઉજ્જવલા યોજના ની શરૂઆત થી લઈ આજ દિવસ સુધી માં ૧૮૪૩૧ પાત્રતા ધરાવતા લાભાર્થી પરિવારો ને શ્રી નાગણેશ્વરી કૃપા ગેસ એજન્સી દ્વારા લાભ અપાયો છે જે ખેડા જિલ્લા માં કોઈ એક એજન્સી દ્વારા પ્રધાન મંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત અપાયેલ સૌથી વધુ ગેસ જોડાણ છે. આજે આપણા ૭૫માં પ્રજાસતાક દિવસ ની ઉજવણી કપડવંજ તાલુકા ના વ્યાસવાસણા મુકામે યોજાયેલ કાર્યક્રમ માં માનનીય પ્રાંત અધિકારી શ્રી અનિલકુમાર ગોસ્વામી ના વરદ હસ્તે શ્રી નાગણેશ્વરી કૃપા ગેસ ના સંચાલક શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડ ને સન્માન પત્ર આપી ને ગેસ એજન્સી ની સેવા ને બિરદાવવા માં આવી હતી.

# ઝાલોદ નગરમા એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશન દ્વારા એકલ ઓન વ્હીલ્સનું ઉદઘાટન કરાયું

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૭ ।



ગ્રામોથાન ફાઉન્ડેશનનાં સમિતિ અને કાર્યકર્તાઓ.

આજરોજ એકલ અભિયાન અંતર્ગત એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશનના માધ્યમથી ગુજરાતની અંદર ઝાલોદ તાલુકામાં એકલ ઓન વ્હીલ્સ નું ઉદ્ઘાઘાટન સમારોહ રાખવામાં આવેલ હતું તેમાં ઉપસ્થિત વરચુઅલનાં માધ્યમથી અમેરિકાથી રમેશ શાહ , વેસ્ટ ઝોન કોર્ડીનેટર રમેશભાઈ વલવી , દેશભરમાંથી એકલ જોડ્યા હતા સ્થાનિક સમિતિ માં ભાગ મહિલા અધ્યક્ષ પિનલબેન પંચાલ,અંચલ સેક્રેટરી મનિષભાઈ પંચાલ ચિરાગભાઈ કોઠારી, ખરસાણા સંચ ના અધ્યક્ષ જગુભાઈ ગુજર , દાહોદ અંચલ કોષાધ્યક્ષ કાળુભાઈ તબોળીયા, જેશીંગ ભાઈ વસૈયા અને એમની ધર્મ પત્ની અનિતા બેન અને ગુજરાત નાં કાર્યકર્તા માં ઉત્તર ગુજરાત ભાગ નાં અભિયાન પ્રમુખ - મતનભાઈ માનુંભાઈ કટારા, ગતિવિધિ પ્રમુખ, શંકરભાઈ નિનામા, દાહોદ અંચલ અભિયાન પ્રમુખ - રમેશભાઈ ડામોર, શિક્ષા પ્રમુખ, મુકેશભાઈ નિસરતા, ગ્રામસ્વરાજ પ્રમુખ દલસિંગભાઈ ગરાસિયા, કાર્યાલય પ્રમુખ ચિંતનભાઈ ડામોર, ગૂજરાત પ્રોજેક્ટ કોડીનેટર સમુંભાઈ કટારા અને દાહોદ આઈવીડી કોર્ડીનેટર શિવરાજ વસૈયા આઈવીડી નાં સમસ્ત કાર્યકર્તા અને કોમ્પ્યુટર, શિવણ નાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા...

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પરિવારના સભ્યો સાથે સમય વિતાવવો આનંદદાયક સાબિત થશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે.તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેરાન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમને પ રિવારના સભ્યો સાથે કેટલીક મુશ્કેલીઓ હશે પણ તેને તમારા મગજની શાંતિ હણવા ન દો. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો રૉમેન્ટિક દિવસ બગાડી નાખશે. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂર નહીં રહે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે. કામના સંદર્ભમાં આજનો દિવસ ખૂબ જ સરસ વીતે એવું જણાય છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. જો સંવાદ અને ચર્ચાથી કામ નહીં થાય-એનાથી તમને ગુસ્સો આવશે અને તમે કશુંક એવું બોલી જશે- જેની માટે તમને પ છીથી પસ્તાવો થશે- આથી બોલતા પહેલા વિચારજો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે. રૉમાન્સ માટે સારો દિવસ. તમે અનુભવશો કે તમારી રચનાત્મકતા ખોવાઈ ગઈ છે તથા નિર્ણય લેવામાં તમને ખૂબ જ મુશ્કેલી પડશે. તમારા શ્રેષ્ઠ મિત્રો સાથે, તમે આજે મફત સમય નો આનંદ માણવા માટે કોઈ વિચાર બનાવી શકો છો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ઘરે કામ કરતી વખતે ખાસ કાળજી રાખો. ઘરની કોઈક ચીજ-વસ્તુ સાથે બેદરકારીપૂર્વક કામ લેવાથી તમારી માટે સમસ્યા નિર્માણ થઈ શકે છે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? જૂના મિત્રો સહકાર આપશે અને મદદરૂપ સાબિત થશે. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી. આજે કરેલું રોકાણ લાભદાયી નીવડશે પણ તમારે કદાચ માતા-પિતા તરફથી વિરોધનો સામનો કરવો પડશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે.

## પ્રજાસત્તાક દિવસ પર ભારત આવી ગદગદ થયા ફ્રાન્સના રાષ્ટ્રપતિ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

પ્રજાસત્તાક દિવસ ૨૦૨૪ના અવસર પર, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન મુખ્ય અતિથિ તરીકે કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે તેમણે ભારતનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે આ ફ્રાન્સ માટે ખૂબ જ સન્માનની વાત છે. આ પહેલા તેઓ કર્તવ્યપથ પર આ ભવ્ય ઘટનાના સાક્ષી બન્યા હતા. પરેડ પછી, તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ (અગાઉ ટ્વિટર) પર કહ્યું, ‘‘આ ફ્રાન્સ માટે ખૂબ જ સન્માનની વાત છે. આભાર ભારત.’’ ગણતંત્ર દિવસની પરેડમાં ભાગ લેવા માટે ફ્રાન્સની માર્ચિંગ ટીમ અને બેન્ડ ગ્રૂપ પણ ઈમેન્યુઅલ મેક્રોન સાથે આવ્યા હતા. આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે ફ્રાન્સના કોઈ નેતા ભારત આવ્યા હોય તેવો આ છઠ્ઠો પ્રસંગ હતો.આ પહેલા તેઓ ભારતની મુલાકાતના પહેલા દિવસે જયપુરમાં રોકાયા હતા. આ પછી, બીજા દિવસે, તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પ્રજાસત્તાક દિવસની પરેડ અને ઝાંખી જોઈ. આ સિવાય યુનાઈટેડ કિંગડમના રાજા ચાર્લ્સ ત્રીજાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પ્રજાસત્તાક દિવસના અવસર પર અભિનંદન પાઠવતો પત્ર લખ્યો હતો. તેમણે કહ્યું, તમારા રાષ્ટ્રીય દિવસના વિશેષ અવસર પર, હું અને મારી પત્ની તમારા મહામહિમ અને ભારતીય પ્રજાસત્તાકના લોકોને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.’’ તેમણે આગળ લખ્યું, ‘‘હું આપણા દેશો વચ્ચે રહેલા ગાઢ સંબંધોની કદર કરું છું અને મને વિશ્વાસ છે કે કોમનવેલ્થની આ ખૂબ જ ખાસ ૭૫મી વર્ષગાંઠના વર્ષમાં અમારા સંબંધો વધુ વિકાસ પામતા રહેશે, જે મૂલ્યો અને આકાંક્ષાઓની યાદ અપાવે છે જે આપણને એક કરે છે. આ સિવાય કિંગ ચાર્લ્સે કહ્યું, હું તમને ગયા વર્ષે ૮૨૦ ના સફળ અધ્યક્ષતા માટે પણ અભિનંદન આપું છું અને આશા રાખું છું કે આપણા દેશો વિશ્વના સૌથી ગંભીર વૈશ્વિક પડકારોનો સામનો કરવા સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. હું વર્ષના અંતમાં સમોઓમાં તમામ કોમનવેલ્થ સભ્યોના એકસાથે આવવાની રાહ જોઉં છું. હું અને મારી પત્ની તમને અને ભારતના લોકોને આવતા વર્ષ માટે શુભકામનાઓ પાઠવવા આ તકનો લાભ લેવા માંગીએ છીએ.



હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ભારતના જસપ્રીત બુમરાહે ઇંગ્લેન્ડના જો રૂટની વિકેટ માટે સફળતાપૂર્વક અપીલ કરી.

### ઝારખંડ હાઈકોર્ટનો ચુકાદો

## ભરણપોષણ મેળવવા માટે પત્નીએ લગ્નનો પુરાવો આપવાની જરૂર નથી

### કોર્ટે વિવાદના કેસની સુનાવણી કરતા પતિને પત્નીને દર મહિને ૫,૦૦૦ રૂપિયા ભરણપોષણ ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ઝારખંડ હાઈકોર્ટે તાજેતરની સુનાવણીમાં પોતાનો ચુકાદો આપતાં કહ્યું છે કે ભરણપોષણ મેળવવા માટે પત્ની તરીકે તેની સાથે રહેતી મહિલાને લગ્નના નક્કર પુરાવા આપવાની જરૂર નથી. કોર્ટે કહ્યું છે કે આવા કેસમાં જ્યારે પુરાવા રેકોર્ડ પર હાજર હોય ત્યારે નક્કર પુરાવા આપવાની જરૂર નથી. આ સાથે જ કોર્ટે રાંચી ફેમિલી કોર્ટના આદેશને પડકારતી પતિની અરજીને ફગાવી દીધી છે. વાસ્તવમાં, રાંચીની ફેમિલી કોર્ટે વિવાદના એક કેસની સુનાવણી દરમિયાન પતિને પત્નીને દર મહિને ૫,૦૦૦ રૂપિયા ભરણપોષણ આપવાનો આદેશ આપ્યો હતો. ફેમિલી કોર્ટના આ નિર્ણયને પતિ રામ કુમાર રવિએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. કોર્ટે તેનું માસિક ભરણપોષણ ૫,૦૦૦ રૂપિયાથી ઘટાડીને ૩,૦૦૦ રૂપિયા કર્યું પરંતુ તેની અરજી ફગાવી દીધી. તમને જણાવી દઈએ કે પત્નીએ આરોપ લગાવ્યો છે કે પતિને વિકલાંગ અનામત શ્રેણીમાં સરકારી નોકરી મળી હતી. આ પછી પતિએ તેને છોડી દીધી. ગઈકાલે પણ, મેટ્રિમોનિયલ કેસની સુનાવણી દરમિયાન, ઝારખંડ હાઈકોર્ટે પતિ-પત્ની વચ્ચેના સંબંધો અંગેના



નિર્ણયમાં ધાર્મિક ગ્રંથોને ટાંક્યા હતા. જસ્ટિસ સુભાષ ચંદે ૨૫ પાનાના આદેશમાં, ભારતમાં મહિલાઓ લગ્ન પછી તેમના પતિના પરિવારમાં કેવી રીતે રહેવા આવે છે તે અંગેના તેમના મંતવ્યો વ્યક્ત કરવા માટે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ટાંક્યા હતા. જસ્ટિસ ચંદે પોતાના આદેશમાં ઋગ્વેદ, યજુર્વેદ, મનુસ્મૃતિના અવતરણો પણ ટાંક્યા અને ટેરેસા ચાકોના પુસ્તક ‘ઈન્ટ્રોડક્શન ટુ ફેમિલી લાઈફ એજ્યુકેશન’ પણ ટાંક્યા. જસ્ટિસ સુભાષ ચંદે કહ્યું હતું કે પશ્ચિમી દેશોમાં પુત્ર લગ્ન પછી પરિવારથી અલગ થઈ જાય છે, પરંતુ ભારતમાં આવું નથી. સર્વોચ્ચ અદાલતના ચુકાદાને ટાંકીને જસ્ટિસ ચાંદે જણાવ્યું હતું કે લગ્ન પછી પત્નીએ તેના પતિના પરિવાર સાથે રહેવું પડે છે સિવાય કે તેમના અલગ થવાનું કોઈ મજબૂત વાજબી કારણ હોય.

## પાકિસ્તાની સાથે લગ્ન કરીને પસ્તાઈ રહી છે સાનિયા મિર્ઝા?

### સાનિયા મિર્ઝાએ ૨૦૧૦માં શોએબ મલિક સાથે લગ્ન કર્યા છે અને હાલમાં બંનેના છૂટાછેડા થઈ ગયા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ભૂતપૂર્વ પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિકે તાજેતરમાં અભિનેત્રી સના જાવેદ સાથે લગ્ન કર્યા છે. ૨૦૧૦માં શોએબે ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા સાથે લગ્ન કર્યા હતા. લાંબા સમયથી તેમના સંબંધોમાં ખટાશની ચર્ચા ચાલી રહી હતી પરંતુ બંનેએ ક્યારેય આ અંગે ખુલીને કશું કહ્યું નથી. છૂટાછેડાની જાહેરાત પહેલા જ શોએબ મલિકે લગ્નનો ફોટો શેર કરીને બધાને ચોંકાવી દીધા હતા. શોએબે સોશિયલ મીડિયા પર સના જાવેદ સાથે પોતાના લગ્નની તસ્વીરો અપલોડ કરી ત્યારે તમામ લોકોને આંચકો લાગ્યો હતો અન ખ્યાલ આવ્યો હતો કે શોએબ અને સાનિયાના છૂટાછેડા થઈ ગયા છે. તે સમયે સાનિયા મિર્ઝા અને શોએબ મલિકના લગ્નની ખૂબ ચર્ચા થઈ હતી. શોએબ મલિકા સાથે લગ્ન થયા તે પહેલા સાનિયા મિર્ઝાની સગાઈ સોહરાબ મિર્ઝા સાથે થઈ હતી. જોકે, બાદમાં તેણે તે સગાઈ તોડીને શોએબ સાથે લગ્ન કર્યા હતા. સાનિયાના મિત્રો અને નજીકના લોકો આ લગ્નની તરફેણમાં નહોતા. સાનિયાએ બધાની વિરુદ્ધ



જઈને લગ્ન કરી લીધા પરંતુ હવે તેને પસ્તાવો છે. પાકિસ્તાની પત્રકાર નઈમ હનીફે આ વાતનો ખુલાસો કર્યો છે. તેણે એક શોમાં જણાવ્યું છે કે શોએબ અને સનાના લગ્ન પછી તેણે સાનિયા મિર્ઝા સાથે ફોન પર વાત કરી હતી. જ્યારે પૂછવામાં આવ્યું કે સાનિયા સાથે શું થયું તો નઈમ હનીફે કહ્યું હતું કે, સાનિયાએ કહ્યું કે તે ખૂબ જ દુઃખદ છે કે તેણે ૧૪ વર્ષ પહેલા પોતાના નજીકના લોકોની સલાહ માની લેવી જોઈતી હતી. તેના પર ધ્યાન આપવું જોઈતું હતું. મારે મારા મિત્રોનો અભિપ્રાય સ્વીકારવો જોઈતો હતો.

**સેહવાગથી પણ ખતરનાક ભારતીય બેટ્સમેન**

## તન્મય અગ્રવાલે ૨૧ છગ્ગા, ૧૬૦ બોલમાં ૩૨૩ રન ઝૂડી બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ

### ભારતીય બેટ્સમેન તન્મય અગ્રવાલે શુક્રવારે તોફાની બેટિંગ કરી અને રણજી ટ્રોફીમાં ત્રેવડી સદી ફટકારી દીધી હતી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ભારતીય ક્રિકેટ જગતમાં એક નવું જ નામ આજકાલ ગુંજી રહ્યું છે. ભારતીય બેટ્સમેન તન્મય અગ્રવાલે શુક્રવારે તોફાની બેટિંગ કરી અને રણજી ટ્રોફીમાં ત્રેવડી સદી ફટકારી દીધી હતી. ત્રેવડી સદી ફટકારવાની ત્રેવડ બધા ક્રિકેટરોમાં હોતી નથી અને એમાં પણ અક્રમક બેટિંગ કરીને આટલો મોટો સ્કોર નોંધવવો એ તો સપનું કહેવાય. આ ખેલાડીએ ફર્સ્ટ ક્લાસ મેચમાં ટી૨૦ની જેમ આક્રમક બેટિંગ કરીને સતત સિક્સર અને ફોર ફટકારી હતી. અરુણાચલ પ્રદેશ સામે રમવા આવેલા તન્મય અગ્રવાલની અણનમ ઈનિંગની મદદથી ટીમે દિવસની રમત પૂરી થતાં માત્ર ૧ વિકેટના નુકસાને ૫૨૯ રન બનાવ્યા હતા. શુક્રવારથી હૈદરાબાદ અને અરુણાચલ પ્રદેશ વચ્ચે શરૂ થયેલી રણજી ટ્રોફી મેચમાં રનોનો વરસાદ થયો હતો. પ્રથમ બોલિંગ કરતા હૈદરાબાદે અરુણાચલ પ્રદેશની ટીમને ૧૭૨ રનના સ્કોર પર આઉટ કરી દીધી હતી. ત્યાર પછી, દિવસની રમતના અંત સુધીમાં, તેઓએ માત્ર ૧ વિકેટ ગુમાવીને ૫૨૯ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. તન્મય અગ્રવાલે અરુણાચલ પ્રદેશ સામે ૧૪૭ બોલમાં સૌથી ઝડપી ફર્સ્ટ ક્લાસ ટ્રિપલ સેન્ચુરીનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. તેણે દક્ષિણ આફ્રિકાના માર્કો મેરાઈસનો રેકોર્ડ તોડ્યો, જેણે ૨૦૧૭માં પૂર્વીય પ્રાંત સામે બોર્ડર માટે ૧૯૧ બોલમાં ૩૦૦ રન બનાવ્યા હતા. બેટિંગ કરી રહેલી ઓપનિંગ જોડીએ મળીને ૪૪૯ રનની ભાગીદારી કરી હતી. દિવસનાં અંતે તન્મય અગ્રવાલ ૩૨૩ રનની ઈનિંગ રમીને અણનમ પાછો ફર્યો હતો અને મેચના બીજા દિવસે ૪૦૦ રનના જાદુઈ આંકડાને પણ પાર કરી શકે એવી ભરપૂર શક્યતા છે. રણજી ટ્રોફીમાં હવે ત્રેવડી સદી ફટકારનાર બેટ્સમેનોની યાદીમાં તન્મય અગ્રવાલનું નામ પણ સામેલ થઈ ગયું છે. તે પ્રથમ દિવસે માત્ર ૧૬૦ બોલમાં ૩૨૩ રન બનાવીને અણનમ પરત ફર્યો હતો. તેણે એવી ઈનિંગ્સ રમી જેણે બધાને ચોંકાવી દીધા હતા.આ ઈનિંગમાં તેના બેટથી કુલ ૨૧ સિક્સ જોવા મળી હતી.

## નોટો ભરેલી બેગ લઇ પોલીસકર્મી પહોંચ્યો હોટલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

વારાણસીમાં પોલીસે ખંડણી માંગનારા બે ગુનેગારોની ધરપકડ કરી છે. પોલીસે ફિલ્મી સ્ટાઈલમાં ધરપકડની કાર્યવાહી હાથ ધરી હતી. મોટી વાત એ છે કે બંને ગુનેગારોએ ફિલ્મી સ્ટાઈલમાં ખંડણીની માંગણી કરી હતી, પરંતુ પોલીસની સૂઝબૂઝને કારણે પીડિતાના પરિવારને ન્યાય મળી શક્યો અને ગુનેગારો ઝડપાઈ ગયા. ખરેખર વાર્તા ખૂબ જ ફિલ્મી શૈલીમાં શરૂ થઈ હતી. વારાણસીના સિગરા વિસ્તારના રહેવાસી અંકિત મેહરા નામના વેપારીને ફોન આવે છે જેમાં પરિવારને ૫૦ લાખ રૂપિયા આપવાનું કહેવામાં આવે છે નહીં તો આખા પરિવારને મારી નાખવામાં આવશે. આ પછી ખંડણીખોર કહે છે કે તમને ફરીથી બોલાવવામાં આવશે અને પૈસા તૈયાર રાખો અને જ્યાં કહ્યું હોય ત્યાં પૈસા મોકલો. પીડિત વેપારી તરત જ સિગરા પોલીસ સ્ટેશન પહોંચ્યો અને પોલીસને તેની સમગ્ર વાત જણાવી. પોલીસ પણ તરત જ સક્રિય થઈ ગઈ અને કેસ નોંધ્યો અને ફોન કોલ ટ્રેસ કરવાનું શરૂ કર્યું. અહીં ખંડણી માંગનારાઓએ એક દિવસ પછી પરિવારને ફરીથી ફોન કર્યો અને તેમના નોકર પાસેથી ૫૦ લાખ રૂપિયા લઈને રામનગર મોકલવાનું કહ્યું, આ પછી પોલીસે નોકરના હાથે ૫૦ લાખ રૂપિયા મોકલ્યા, પરંતુ વચ્ચે પોલીસે નોકરને અટકાવ્યો અને એક પોલીસકર્મીને વેશ બદલાવી પૈસા સાથે ગુનેગારો પાસે મોકલે છે. વેશ બદલી પોલીસકર્મી હોટલમાં રહેતા ગુનેગાર પાસે ગયો. જેવો જ આરોપીઓએ પૈસાની બેગ લેવા માટે દરવાજો ખોલ્યો, પોલીસે ચારેય બાજુથી કોર્ડન કરીને તેની ધરપકડ કરી લીધી હતી. ડીસીપી આરએસ ગૌતમે કહ્યું, ‘સિગરા પોલીસની ટીમે મોટી સફળતા મેળવી છે અને ખંડણીની માંગણી કરનારા બંને આરોપીઓની ધરપકડ કરી છે. ઘટનામાં વપરાયેલ બાઈક અને ૫૦ લાખની ડમી નોટો પણ કબ્જે કરી છે. બંને આરોપીઓના જુના ગુનાહિત ઈતિહાસની પણ તપાસ કરવામાં આવી રહી છે. પકડાયેલ આરોપી પંકજ પાઠક ચોક પોલીસ સ્ટેશન વિસ્તારના ઘુગરાણી ગલી બાંસફાટકનો રહેવાસી છે જ્યારે પ્રતાપ ઘોષ ભેલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારના સરાયનંદન ખોજવાનનો રહેવાસી છે.

**વિશેષ**

### આ વર્ષે પાંચ લોકોને પદ્મ વિભૂષણ, ૧૭ને પદ્મ ભૂષણ અને ૧૧૦ને પદ્મશ્રી આપવાની જાહેરાત કરવામાં આવી છે

# ચીનને મારી લપડાક, ભારતે તાઈવાનની કંપની ફોક્સકોનના ચેરમેનને આપ્યો પદ્મ ભૂષણ

### પ્રધાનમંત્રી –ગતિશક્તિ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગ્રેટર નોઇડામાં ઇન્ટિગ્રેટેડ ઔદ્યોગિક ટાઉનશિપ દેશને અર્પણ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ગણતંત્ર દિવસના પ્રસંગે કેન્દ્ર સરકારે પદ્મ પુરસ્કારોની જાહેરાત કરી છે. આ વર્ષે પાંચ લોકોને પદ્મ વિભૂષણ, ૧૭ને પદ્મ ભૂષણ અને ૧૧૦ને પદ્મશ્રી આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ વખતે ભારતે તાઈવાનની કંપની ફોક્સકોનના ચેરમેન યંગ લિયુને પદ્મ ભૂષણથી સન્માનિત કરીને ચીનને મરચા લગાડ્યા છે. તાઈવાનની એક કંપનીના ચેરમેનને ભારતનું ત્રીજું સર્વોચ્ચ નાગરિક સન્માન આપીને ભારતે રાજદ્વારી પગલું ભર્યું છે. ચીન અને માલદીવ વચ્ચે વધી રહેલી નિકટતા વચ્ચે આ દાવ ચીનને નારાજ કરી શકે છે. હકીકતમાં તાજેતરમાં જ તાઈવાનમાં ચીન વિરોધી સરકાર સત્તામાં આવી છે. વિદેશી બાબતોના નિષ્ણાતોનું કહેવું છે કે ભારતે પદ્મ ભૂષણના દાવથી ચીનને પણ જવાબ આપ્યો છે. યંગ લિયુ એ જ વ્યક્તિ છે જેમણે ફોક્સકોનનો મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ચીનથી ભારતમાં શિફ્ટ કર્યો હતો. ફોક્સકોન એપલ પ્રોડક્ટ્સ બનાવે છે અને હવે આઈફોનથી લઈને આઈપેડ સુધીની દરેક વસ્તુ ભારતમાં બની રહી છે. આનાથી ચીન પહેલેથી જ ચોંકી ગયું હતું. હવે જ્યારે ભારત સરકારે લિયુને પદ્મ ભૂષણથી સન્માનિત કર્યા છે ત્યારે ચીન



મુશ્કેલીમાં મુકાશે તે નિશ્ચિત છે. તાઈવાનમાં તાજેતરની ચૂંટણીઓ પછી વિલિયમ લાઈ ચિંગ તે નવા ચૂંટાયેલા રાષ્ટ્ર પ્રમુખ બન્યા છે. તેઓ શાસક ડીપીપીના નેતા છે. ભારતના પરિપ્રેક્ષ્યમાં તે ઘણું સારું રહ્યું છે. હકીકતમાં તાઈવાનમાં વિલિયમ લાઈની સરકારના કારણે ચીનનો તણાવ વધ્યો છે, કારણ કે તેમની વિચારધારા સંપૂર્ણપણે ચીનની વિરુદ્ધ છે. તાઈવાનમાં ચૂંટણી પ્રચાર ચાલી રહ્યો હતો ત્યારે ચીને ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે, લાઈને કોઈએ વોટ ન આપવો જોઈએ. તાઈવાન આપણું છે, તે ચીનથી અલગ દેશ નથી. જોકે, ચીનની આ પાયાવિહોણી વાતો વચ્ચે તાઈવાનમાં લોકશાહી ઢબે ચૂંટણી યોજાઈ હતી. તમામ અવરોધો છતાં અહીં વિલિયમ લાઈની સરકાર સત્તામાં આવી. ચૂંટણી જીત્યા બાદ લાઈએ કહ્યું કે, તાઈવાન લોકશાહી સાથે જોડાયેલો દેશ છે. તેમના પક્ષની વિચારધારા વિશે વાત કરતાં, તેમની પાર્ટી ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી તાઈવાનના રાષ્ટ્રવાદ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે તાઈવાનની ઓળખને ખૂબ જ મહત્વપૂર્ણ માને છે. પદ્મ ભૂષણથી સમ્માનિત તાઈવાનની ટેક્નોલોજી જાયન્ટ ફોક્સકોનના સીઈઓ અને ચેરમેન યંગ લિયુએ કહ્યું છે કે ભારત સરકાર તરફથી એવોર્ડ મેળવીને તેઓ ખૂબ જ સન્માનિત અનુભવી રહ્યા છે. આ એવોર્ડ એટલા માટે મળ્યો છે કે ફોક્સકોન, જે વૈશ્વિક સ્તરે લગભગ ૭૦ ટકા **iPhone** બનાવે છે, તે ભારતમાં સ્થાનિક ઉત્પાદનમાં ભારે રોકાણ કરી રહી છે. લિયુએ કહ્યું હતું કે, આ માટે હું વડાપ્રધાન, રાષ્ટ્રપતિ અને ભારતના અદ્ભુત લોકોનો હૃદયપૂર્વક આભાર માનું છું. હું દ્રઢપણે માનું છું કે આ એક સહયોગની પુષ્ટિ છે જે ભારતના લાંબા ગાળાના વિકાસને લાભ આપે છે અને સ્થાનિક અર્થતંત્રોના વિકાસને સમર્થન આપે છે. હું મારી ટીમને પ્રોત્સાહિત કરતો રહીશ. ચાલો ભારતમાં ઉત્પાદન અને સમાજની સુધારણામાં યોગદાન આપીએ. ગયા વર્ષે લિયુએ કહ્યું હતું કે ભારતમાં સુધારા અને નીતિઓએ સમગ્ર ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમના વિકાસ માટે મોટી તકો ઊભી કરી છે. હું મારી ટીમને પ્રોત્સાહિત કરતો રહીશ. ચાલો ભારતમાં ઉત્પાદન અને સમાજની સુધારણામાં યોગદાન આપીએ. ગયા વર્ષે લિયુએ કહ્યું હતું કે ભારતમાં સુધારા અને નીતિઓએ સમગ્ર ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમના વિકાસ માટે મોટી તકો ઊભી કરી છે.

## ન્યૂઝ બ્રિફ

### સોમનાથમાં ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી

। (એજન્સી) સોમનાથ, તા.૨૭ । સોમનાથ મંદિર નજીક સરકારી જમીન પર ગેરકાયદેસર બનાવેલા મકાનો અને ઝૂંપડાઓને તોડી પાડવામાં આવ્યા છે. જેમાં ૨૧ પાકા મકાનો સહિત ૧૦૦ જેટલા ઝૂંપડા તોડી પડાયા છે. મંદિરની પાછળના ભાગે આવેલી સરકારી જમીન ખાલી કરવામાં આવી છે.સોમનાથમાં આજે ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સોમનાથ મંદિર નજીક સરકારી જમીન પર ગેરકાયદેસર બનાવેલા મકાનો અને ઝૂંપડાઓને તોડી પાડવામાં આવ્યા છે. જેમાં ૨૧ પાકા મકાનો સહિત ૧૦૦ જેટલા ઝૂંપડા તોડી પડાયા છે. મંદિરની પાછળના ભાગે આવેલી સરકારી જમીન ખાલી કરવામાં આવી છે. દબાણ હટાવવા માટે રેવન્યુ અને પોલીસ વિભાગનો મોટો કાફલો ગોઠવવામાં આવ્યો હતો.

### લુણાવાડા તાલુકા પંચાયત કચેરીના તલાટી કમમંત્રીનું મોત

। લુણાવાડા, તા.૨૭ । રાજ્યમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે. કોરોના બાદ હાર્ટ એટેક આવવાના બનાવો ચોંકાવનારી રીતે વધી રહ્યા છે. જો કે મેડિકલ સાયન્સ કે આરોગ્ય વિભાગ હાર્ટ એટેક વધવાને અને કોરોના સાથે સાંકળતું નથી તેમ છતાં એ હકિકત છે કે કોરોના કાળ પછી હૃદય સંબંધી બીમારીઓ પણ વધી છે. મહીસાગર જિલ્લામાં વધુ એક યુવાનનું હાર્ટ એટેકના કારણે મોત થયું છે. લુણાવાડા તાલુકા પંચાયત કચેરીમાં તલાટી કમમંત્રી તરીકે ફરજ બજાવતા રાજેન્દ્રસિંહ કટારા નામક યુવાનનું મોત નીપજતા શોકનો માહોલ છવાઈ ગયો હતો.યુવાનોના હૃદય સતત નબળા પડી રહ્યા છે. એક ચોંકાવનારો અહેવાલ જણાવે છે કે આજે લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે તેની અસર હૃદય પર પડી રહી છે અને હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીઓ ઝડપથી વધી રહી છે.

**ફરી એક વખત લુટેરી દુલ્હનનો કિસ્સો સામે આવ્યો**

# વીરપુર ગામે રહેતા બે મિત્રો લુટેરી દુલ્હનનો ભોગ બન્યા

## બંને મિત્રોએ સાથે જ બપોરે લગ્ન કરીને પરત જામનગર જવા માટે નિકળ્યા હતા પરંતુ રાત્રે જ રસ્તા માંથી જ બંને યુવતીઓ રફુચક્કર થઈ ગઈ

। (એજન્સી) વીરપુર, તા.૨૭ । લગ્ન કરવાની ઉતાવળ ભારે પડી ગઈ! જામનગર જિલ્લાના બે મિત્રોએ અમદાવાદમાં લગ્ન માટે નક્કી કર્યુ હતુ. આ માટે લગ્નના આયોજન કરવામાં આવ્યુ અને બંને મિત્રોએ સાથે જ બપોરે લગ્ન કરીને પરત જામનગર જવા માટે નિકળ્યા હતા. પરંતુ રાત્રે જ રસ્તા માંથી જ બંને યુવતીઓ રફુચક્કર થઈ ગઈ હતી. હવે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. ફરી એક વખત લુટેરી દુલ્હનનો કિસ્સો સામે આવ્યો છે. બે મિત્રો લગ્ન કરવા માટે યુવતી શોધી રહ્યા હતા. તે સમયે અન્ય લોકો આ બંને મિત્રોના સંપર્કમાં આવ્યા અને તેમણે બંને મિત્રોને યુવતીઓ સાથે લગ્ન કરાવ્યા. જોકે લગ્ન કરી બંને મિત્રો પત્નીઓ સાથે ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે જ આ બંને યુવતીઓ એક સાથે નાસી ગઈ હતી. બંને મિત્રોને લગ્નના નામે પોતાની સાથે છેતરપિંડી થયો હોવાનું અહેસાસ થતાં તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી છે. લગ્ન કરવાની ઉતાવળ અને જોયા જાણ્યા વગર લગ્ન કરવાની લાલચ અનેક વખત લોકોને ભારે પડી હોવાના કિસ્સાઓ સામે આવ્યા છે. આવો જ વધુ એક કિસ્સો સામે આવ્યો કે જેમાં જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના વીરપુર ગામે રહેતા બે મિત્રો લુટેરી દુલ્હનનો ભોગ બન્યા છે. વિરપુર ગામમાં રહેતા ૪૯ વર્ષના જગદીશ સાંઘાણી કે જે ખેડૂત છે અને તેઓ ને પત્ની સાથે મનમેળ ન હોવાથી છૂટાછેડા થયેલા છે. જેથી તેઓ લગ્ન માટે યુવતી શોધી રહ્યા હતા. જગદીશભાઈને જામનગરમાં મીનાબેન શાહ સાથે મુલાકાત થઈ હતી. તેમણે લગ્ન માટે છોકરીઓ બતાવવાની વાત કરી હતી. મીનાબેને અમુક છોકરીઓના ફોટા બતાવી સુરતના કરજણ ખાતે મેરેજ બ્યુરોનું કામ કરતાં સરોજબેનનો સંપર્ક કરાવ્યો હતો. તેઓએ લગ્ન કરાવી આપવાની ખાતરી આપી હતી. આ સમગ્ર વાતચીત જગદીશભાઈ તેના જ ગામમાં રહેતા દીપકભાઈને કરી હતી. દિપકભાઈ પણ લગ્ન કરવા માટે યુવતી શોધી રહ્યા હતા. ત્યારે જગદીશભાઈ અને દીપકભાઈએ યુવતીઓના ફોટા પરથી લગ્ન કરવા માટે વાતચીત આગળ વધારી હતી. કરજણના સરોજબેન તેમજ જામનગર મુલાકાત થયેલા મીનાબેન દ્વારા જગદીશભાઈ અને દીપકભાઈને અમદાવાદ સીટીએમ ખાતે બોલાવ્યા હતા. જ્યાંથી રામોલમાં નૈયા એપાર્ટમેન્ટ ખાતે આવેલા ગણેશ મેરેજ બ્યુરોમાં તેમને લઈ ગયા હતા. ગણેશ મેરેજ બ્યુરોમાં ધવલભાઈ તેમજ અસ્મિતાબેન દ્વારા તેમણે ત્રણ છોકરીઓ બતાવવામાં આવી હતી. પરંતુ જગદીશભાઈ અને દીપકભાઈને પસંદ નહીં આવતા તેઓએ લગ્ન માટે ના પાડી હતી. જેથી ધવલભાઈએ બંને પાસે ૫૦૦૦ રૂપિયા ભાડા પેટે પણ લીધા હતા. જોકે થોડી વારમાં ગણેશ મેરેજ બ્યુરોના ધવલભાઈએ જગદીશભાઈ અને દીપકભાઈને બોલાવ્યા હતા. અન્ય બે છોકરીઓને પણ ત્યાં બોલાવી અને બતાવી હતી. આ બંને છોકરીઓ જગદીશભાઈ અને દીપકભાઈને પસંદ આવી જતા ૨.૪૦ લાખ રૂપિયા આપવાનું નક્કી થયું હતું. બંને મિત્રોએ તે જ દિવસે મીરજાપુર કોર્ટ પાસે આવેલા વકીલની ઓફિસમાં લગ્ન કર્યા હતા અને રૂપિયા ધવલભાઈને આપ્યા હતા.

# અમદાવાદના એજન્ટ દ્વારા કલોલના વિદ્યાર્થી સાથે ઠગાઈ

## ફરીએકવખતવીઝાઆપવાનાબહાનેછેતરપિંડીક્રિપાઓવરસીઝ નામની કંપનીએ સુકુન પ્રજાપતિ પાસેથી ૨૪ લાખ પડાવ્યા



। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ । અમદાવાદમાં વિજય ચાર રસ્તા પાસે આવેલ ક્રિપા ઓવરસીઝ નામની વીઝા કન્સલ્ટન્ટ કંપનીનાં ભાવેશ ચૌહાણે કેનેડાનાં વીઝા અપાવવાનાં બહાને છેંતરપીંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદના એજન્ટ દ્વારા કલોલનાં વિદ્યાર્થી સાથે ઠગાઈ આચરવામાં આવી હોવાનું પ્રકાશમાં આવ્યુ આ સમગ્ર મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

અમદાવાદને એજન્ટ દ્વારા કલોલના વિદ્યાર્થી સાથે ઠગાઈ આચરવા મામલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. ક્રિપા ઓવરસીઝ નામની કંપનીએ સુકુન પ્રજાપતિ પાસેથી ૨૪ લાખ પડાવ્યા હતા. વિજય ચાર રસ્તા પાસે આવેલ ફોનિક્સ ટાવર સ્થિત ઓફીસમાં તાળા લાગેલા જોવા મળ્યા હતા. જે બાદ સુકુન પ્રજાપતિએ ક્રિપા ઓવરસીઝન માલિક ભાવેશ ચૌહાણ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. એજન્ટ દ્વારા વિદ્યાર્થીને વિદેશ મોકલવાની લાલચ આપી ઠગાઈ કરી એજન્ટ ફરાર થયો હતો. આ સમગ્ર મામલે સુકુન પ્રજાપતિ તેમજ અન્ય એક યુવક સાથે છેંતરપીંડી થતા સુકુન પ્રજાપતિ દ્વારા સમગ્ર મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**ફિલ્મી સિન સર્જાયો, ફાયરને જાણ કરતા સાધનોનો ઉપયોગ કરી તેને બહાર કાઢી ૧૦૮માં હોસ્પિટલ ખસેડાયો હતો**

# કારેલીબાગમાં ડમ્પર ચાલકે ફોર વ્હીલને ૧૦૦ મીટર ઢસડી

## સ્થાનિકોએ ડમ્પર ચાલકને પકડી પોલીસ હવાલે કર્યો હતો, કુંભારવાડા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે

। (એજન્સી) વડોદરા, તા.૨૭ । વડોદરાના કારેલીબાગ ખાતે ડમ્પર ચાલકે અકસ્માત સર્જ્યો હતો. ડમ્પર ચાલકે ફોર વહીલરને અડફેટે લીધી હતી અને કારને ૧૦૦ મીટર સુધી ઢસડી હતી. સદનસીબે કાર ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી. ડમ્પર ચાલક નશાની હાલતમાં હોવાની આશંકાએ લોકોમાં રોષ છે. સ્થાનિકોએ ડમ્પર ચાલકને પકડી પોલીસ હવાલે કર્યો હતો. કુંભારવાડા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે ગાંધીનગર કોબા હાઈવે ઉપર હિટ એન્ડ રનની વધુ એક ઘટનામાં રસ્તો ઓળંગી રહેલા વૃદ્ધનું અજાણી કારની અડફેટે મોત નીપજ્યું છે. જે સંદર્ભે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. ગાંધીનગરમાં વધતા અકસ્માતો વચ્ચે હવે હિટ એન્ડ રનના બનાવ વધ્યા છે ત્યારે ગઈકાલે સાંજે કોબા પાસે હિટ એન્ડ રનની વધુ એક ઘટનામાં વૃદ્ધનું મોત થઈ ગયું છે જે અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે કોબા પાટીયા પાસે રહેતો ખોડાજી નાગજીજી ઠાકોર છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવે છે. જ્યારે તેના પિતા નાગજીજી ગેમરજી ઠાકોર પશુપાલનનો વ્યવસાય કરતા હતા. ગઈકાલે સાંજે ખોડાજી ઘરે હાજર હતો. એ દરમિયાન તેના પિતા ઘરનો સામાન લેવા માટે કોબા ગામમાં જવા માટે નિકળ્યા હતા. જેની થોડીક વારમાં જ રોડ ઉપર બુમાબુમ થતા ખોડાજી ત્યાં પહોંચી ગયો હતો. તેને જાણવા મળ્યું હતું કે તેના પિતા ગાંધીનગરથી કોબા સર્કલ તરફનો રોડ ક્રોસ કરતા હતા. ત્યારે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પૂરપાટ ઝડપે હંકારી નાગજીજીને ટક્કર મારી નાસી ગયો હતો. જેનાં કારણે ગંભીર ઈજાઓ થવાથી તેઓ લોહી લુહાણ હાલતમાં રોડ પર પડયા હતા.આ અકસ્માતના પગલે રાહદારી વાહન ચાલકો એકઠા થઈ ગયા હતા. અકસ્માત કરનાર અજાણ્યો વાહન ચાલક કોબા તરફ ભાગી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં ઈજાગ્રસ્ત નાગજીજીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતાં ઈન્ફોસિટી પોલીસ પણ સ્થળ પર દોડી ગઈ હતી. અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુરત જહાંગીરપુરા રોડ પર વરીયાવ ખાતે બે દિવસ પહેલા મોડી રાત્રે બે ટ્રકો સામ સામે ભટકાતા જબરજસ્ત અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ટ્રકના કેબિનની અંદર ડ્રાઈવર ફસાઈ ગયેલા ડ્રાઈવરને ફાયર જવાનોએ બહાર કાઢયો હતો. જહાંગીપુરા રોડ વરીયાવ ચેકપોસ્ટ આગળ આવેલ વરીયાવ કોલેજની સામે બુધવારે મોડી રાત્રે બે ટ્રકો સામસામે અથડાતા જબરજસ્ત અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ટ્રકનો ડ્રાઈવર સુનિલ મોર્યા કમરથી નીચે ભાગે ટ્રકના કેબિનમાં ફસાઈ ગયો હતો. જોકે તેને ઈજા થતા દુઃખાવોના લીધે કણસતો હોવાથી બુમો પાડતો હતો. બનાવના લીધે ઘટના સ્થળ ઉપર કેટલાક લોકો ભેગા થઈ ગયેલો કોલોએ તેને કેબીન માંથી બહાર કાઢવો પ્રયાસ કર્યો હતો. પણ તે બહાન નહી નીકળતા ફાયરને જાણ કરતા સાધનોનો ઉપયોગ કરી તેને બહાર કાઢી ૧૦૮માં હોસ્પિટલ ખસેડાયો હતો.

# અમદાવાદનાં સરસપુરમાં રહેતા ૧૫ વર્ષીય સગીરે આપઘાત કર્યો

।(એજન્સી) અમદાવાદ, તા.૨૭ । અમદાવાદ શહેરમાં ૧૫ વર્ષના સગીરને ન્યૂડ વિડીયો કોલની માયાજાળમાં ફસાવી પૈસા પડાવી ધમકીઓ આપી આપઘાત માટે મજબૂર કરનાર ટોળકી ઝડપાઈ છે. અમદાવાદ સાયબર ક્રાઈમે મધ્યપ્રદેશના ગુનામાંથી અંકેશ લોધી, સન્ની લોધી અને મનોજ લોધી નામના ૩ આરોપીઓની ધરપકડ કરી છે. અમદાવાદનાં સરસપુરમાં રહેતો ૧૫ વર્ષીય સગીર ધોરણ ૧૦ની પરીક્ષાની તૈયારી કરતો હતો. તે દરમિયાનમાં ગત ૨૭મી ડિસેમ્બરે દુપટ્ટાથી આપઘાત કરી મોતને વ્હાલુ કર્યુ હતું. સગીરની અંતિમવિધી કરવા માટે જ્યારે પિતાએ ઘરમાંથી બચતના નાણાં કાઢ્યા ત્યારે તેમાં ૨૩ હજાર ઓછા હતા. જેથી સગીરના પિતાએ તપાસ કરતા સગીર પુત્રનો ફોન મળ્યો હતો પરંતુ તેમાં સીમકાર્ડ ન હતુ અને કોઈ પણ પ્રકારનો ડેટા પણ ન હતો. જેથી સગીરના પિતાને શંકાઓ જતા ફોન ચાલુ કરાવતા પૈસાની ઉઘરાણી બાબતે અજાણ્યા શખ્સે મેસેજ અને ફોન કર્યો હતો. આ શખ્સે ધમકી આપી હોવાનું ધ્યાને આવ્યું હતું. બાદમાં તે શખ્સે ફોન વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને પૈસાની માંગણી કરી હતી. આમ, સગીરે ૨૫થી ૩૦ હજાર ચૂકવ્યા હોવા છતાંય ધમકી આપી હોવાનું સામે આવતા મૃતકના પરિવારે પોલીસની મદદ લીધી હતી. શહેરકોટડા પોલીસે આ મામલે ખરાઈ કરીને તપાસ કરતા સગીરને ન્યુડ વિડીયો કોલ કરીને ફસાવવામાં આવ્યો હતો અને બાદમાં નાણાં પડાવીને વધુ નાણાંની માંગણી કરીને વિડીયો વાયરલ કરવાની ધમકી અપાઈ હોવાનું સામે આવ્યુ હતું. જેથી આ મામલે શહેરકોટડા પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આ કેસમાં ઝડપાયેલા આરોપ ીઆ ોએ આ રીતે અન્ય ૧૫૦ થી વધુ લોકોને ન્યૂડ કોલમાં ફસાવ્યા હોવાનું તપાસમાં ખુલતા આરોપીઓના રિમાન્ડ મેળવી વધુ તપાસ શહેર કોટડા પોલીસે હાથ ધરી છે.













માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨